# પ્રકરણ : ૫

# વર્ષા અડાલજાની પસંદ કરેલી કૃતિઓમાં સ્ત્રીવિષયક સંઘર્ષોનાં સૂચિત નિરાકરણો અને તેનું વિશ્લેષણ

# પ્રકરણ : ૫

# વર્ષા અડાલજાની પસંદ કરેલી કૃતિઓમાં સ્ત્રીવિષયક સંઘર્ષોનાં સૂચિત નિરાકરણો અને તેનું વિશ્લેષણ

માનવી સાથે બનતી અણધારી ઘટનાઓ તેની માનસિક શાંતિને ભંગ કરે છે. આ કારણે તેના મનમાં આંદોલનો પ્રવેશે છે. આ અનુભવ એ ભાવના છે. ભાવનાઓને કારણે એક ચોક્કસ માનસિક ભૂમિકા બંધાય છે. આ ભૂમિકાને સંદર્ભે મન નિશ્ચિત અપેક્ષાઓ રાખે છે. અપેક્ષાઓ પૂર્ણ ન થાય તો માનવી સંઘર્ષ અનુભવે છે. અમુક ઘટના, પાત્રો કે વાતાવરણ સંઘર્ષને ઉત્તેજન આપવાનું કાર્ય કરે છે. આથી સંઘર્ષ વધુ વકરે છે. ઉત્તેજિત થયેલ સંઘર્ષ તેની ટોચે પહોંચે છે. થોડો સમય વ્યક્તિ એ સંઘર્ષ સાથે જીવે છે. સંઘર્ષની ચરમસીમા દરમ્યાન તેનામાં માનસિક અને શારીરિક પરિવર્તનો આવે છે. એ સંઘર્ષની અસર તેની તીવ્રતા પ્રમાણે માનવીના મનમાં રહે છે. અમુક સમય બાદ ધીરે ધીરે તે શમન તરફ અધોગતિ કરે છે.

સંઘર્ષનું શમન થયા પછી વ્યક્તિ સામાન્ય અને મૂળ સ્વભાવ પરત મેળવે છે. આ શમન મનમાં પણ હોઈ શકે અને સ્થૂળ રીતે બાહ્ય પણ હોઈ શકે છે. એ સુખદ કે દુ:ખદ પણ હોઈ શકે છે. પરંતુ, દરેક સંઘર્ષનું શમન હોય એ વાત ચોક્કસ છે! લાંબા સમય સુધી કોઈ સંઘર્ષને સહન કર્યા બાદ તેનું શમન થાય તો જીવન સમગ્રપણે બદલાઈ શકે એમ પણ બની શકે છે. સંઘર્ષનું સમાધાન હંમેશા હિતકારી  હોતું નથી.

દરેક સંઘર્ષનું શમન થાય એ જરૂરી પણ હોય છે. સંઘર્ષમય વ્યક્તિનું માનસિક સંતુલન યોગ્ય હોતું નથી. આવેશમય પરિસ્થિતિમાં તે અઘટિત પગલું ભરી દે એમ પણ બની શકે છે. જો સંઘર્ષનું સમાધાન ન આવે તો વ્યક્તિ સામાન્ય જીવન જીવી ન શકે. આથી સંઘર્ષનું સમાધાન મહત્ત્વનું હોય છે. અમુક સંવેદનો અનુભવતી વ્યક્તિનો સંઘર્ષ અલ્પ સમય માટે જ

હોય છે, જ્યારે અમુક સંવેદનોનો સંઘર્ષ દીર્ઘકાળ માટે રહે છે. આથી સમાધાન આવે તે વ્યક્તિના હિતમાં હોય છે. માનવીના જીવન પર નકારાત્મક ભાવનાઓનું નિયમન હોવું જરૂરી છે. જો આ ભાવનાઓ તેની ઉપર અમુક હદ કરતાં વધુ સવાર થઈ જાય તો તેનું પતન પણ થઈ શકે છે. સંઘર્ષમાંથી મુક્ત થવા તે પોતાને પ્રોત્સાહિત કરે તેવી વ્યક્તિઓનો સંગાથ મેળવી શકે છે. આ સિવાય પોતાની મનગમતી પ્રવૃત્તિ અથવા શોખ કેળવીને પણ તેનાથી મુક્ત થઈ શકે છે. જીવનને એક નવી દિશા તરફ વાળીને પણ માનવી તેનો સામનો કરી શકે છે. નકારાત્મક ભાવનાઓનો સામનો કરવાની શ્રેષ્ઠ રીત પોતાનો આત્મવિશ્વાસ અને સકારાત્મકતા કેળવવાની છે. સ્વ પરનો વિશ્વાસ અને તે માટેનું દૃઢ મનોબળ માનવીને ચોક્કસ સંઘર્ષમાંથી મુક્તિ અપાવી શકે છે.

પ્રકરણ-૪માં સ્ત્રીને અનુભવાતા સંઘર્ષ અને તેને પરિણામે ઉદ્‌ભવતા સંવેદનનો અભ્યાસ કર્યો. આ પ્રકરણમાં વાર્તાઓનાં સ્ત્રી-પાત્રો પોતાની સમસ્યાઓ માટે શું સમાધાન લાવે છે તે તપાસ્યું છે. સ્ત્રી-પાત્રોના સંઘર્ષનાં શમન માટે વાર્તાકાર કેવો પ્રયાસ કરે છે તેનો અભ્યાસ કર્યો છે. વર્ષા અડાલજાની મહત્તમ વાર્તાઓ નારીકેન્દ્રી છે. આ સ્ત્રી-પાત્રો અનેક સમસ્યાઓ અને પ્રશ્નોનો સામનો કરે છે. કેટલાંક પરિબળો તેમને સંઘર્ષમાંથી નીકળવા માટે મદદ કરે છે. આ સમાધાનો સુખદ અને દુ:ખદ છે. વાર્તાઓમાં મળેલ સમાધાનોને તેની તીવ્રતા પ્રમાણે ગોઠવ્યાં છે.

**જૂથ-૧ : પીડા**

સ્ત્રીઓના કેટલાય પ્રશ્નો છે જેને કારણે તે પીડા અનુભવે છે. પીડાનું સંવેદન સ્ત્રીના મનોજગતને ક્ષત-વિક્ષત કરી નાખે છે. અમુક સ્ત્રીઓ એ પીડા સાથે જીવતા શીખી જાય છે. અમુક એની અવગણના કરે છે. ઘણી સ્ત્રીઓ બળવો કરીને તેમાંથી રસ્તો મેળવે છે. કેટલીક

સ્ત્રીઓ પોતાની પીડા માટેનું કારણ શોધીને તેને દૂર કરવા પ્રયત્નશીલ બને છે. ઘણીવાર પીડા સહન કરવાની આદત પડી જતાં સ્ત્રી શમન માટેના પ્રયાસો પણ કરતી નથી.

આ જૂથમાં વિવિધ સમસ્યાઓને કારણે પીડા અનુભવતી સ્ત્રીઓનો ઉલ્લેખ છે. લેખિકાએ પીડિત સ્ત્રીઓના સંઘર્ષનાં નિવારણો આપ્યાં છે. અમુક વાર્તાઓમાં નિરાકરણો છે અને અમુક વાર્તાઓમાં નથી. લગ્ન તૂટવાને કારણે પીડિત સ્ત્રી દુ:ખી થઈને જીવનનો અંત નથી લાવતી. પરંતુ, નવેસરથી જીવન ગોઠવવાનો પ્રયાસ કરે છે. પોતે નક્કી કરેલ રસ્તે ચાલવા અને તેની પર ટકી રહેવા સંસાર છોડી દેવાની મક્કમતા દર્શાવે છે. ઘણી સ્ત્રીઓ સમાધાનકારી વલણ અપનાવે છે. કેવળ પુરુષો જ નહીં, સ્ત્રીઓ અને કુટુંબના અન્ય સભ્યો પણ સ્ત્રીના શોષણ માટે તૈયાર હોય છે. આ વાત મોડેથી સમજતી નાયિકાઓ પોતાની પીડા માટે માથું ઊંચકે છે. સ્નેહથી સીંચેલાં બાળકો જ્યારે માતાની વેદનાને ન સમજે ત્યારે કડક શબ્દોમાં તેમનું સ્થાન બતાવી નિરાકરણ લાવે છે.

દામ્પત્યજીવનનો બોજ એકલી સ્ત્રીને માથે નાખીને છુટ્ટા રહેતા પુરુષોને પોતાની જવાબદારીઓથી સભાન કરતી સ્ત્રીઓ હળવી થવા મથે છે. જોડકી પુત્રીઓને ભોગે દીકરો લાવવાની માનસિકતા સામે સ્ત્રી દૃઢતાથી માથું ઊંચકે છે. અપંગ બાળકીને પોતાની તાકાત બનાવીને રસ્તો કરતી હિંમતવાન સ્ત્રીઓ સ્વમેળે સંઘર્ષનું નિવારણ લાવે છે. નાની બહેનોનાં ભવિષ્ય માટે પોતાના પગારમાંથી અમુક રકમ ફાળવીને સંઘર્ષનું નિરાકરણ લાવે છે.

કેટલીક સ્ત્રીઓ પોતાની પીડાને મનમાં જ રાખીને તેને સહન કર્યા કરે છે. ઈશ્વર અને પ્રકૃતિની સામે ફરિયાદ કરતી સ્ત્રીઓની પીડાનું નિરાકરણ જોઈ શકાતું નથી. પુરુષની હવસનો ભોગ બનેલી સ્ત્રીઓની વેદના માટે નિરાકરણ સૂચવ્યું નથી. એકવીસમી સદીનું આધુનિક અને સુશિક્ષિત દંપતી ગર્ભમાં બાળકી છે એમ જાણી તેનો નિકાલ કરવા ઇચ્છે ત્યારે વૃધ્ધ સ્ત્રી પીડા પામે છે. જેની માટે કોઈ નિવારણ દર્શાવ્યું નથી. પોતાની જાત નિચોવીને ચાર

દીવાલોને ઘર બનાવનાર નારીને એ 'પતિનું ઘર' છે એમ જાણવા મળે ત્યારે તેની વેદના વધી જાય છે. જીવનની એ વરવી વાસ્તવિકતાને એ સ્વીકારી લે છે. નિ:સંતાન સ્ત્રી અન્ય સ્ત્રીના બાળકને દત્તક લઈને પોતાનો પ્રેમ વહાવવાનું નક્કી કરે છે. અમુક નાયિકાઓના સંઘર્ષ માટે વિકલ્પ ખૂલતો હોય એમ જણાય છે.

**'બે સ્ત્રીઓ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

ચંદ્રાબહેનનું જીવન તો બરબાદ થયું જ હતું. એ જ પીડા પુત્રવધૂ સુમતિને સહન ન કરવી પડે તે માટે એક કઠોર નિર્ણય લે છે. અનિલના કબાટમાંથી મળેલા અન્ય સ્ત્રીના પ્રેમપત્રો અને ફોટા સુમતિને બતાવી દે છે. તે સુમતિને નિર્ણય લેવાની સ્વતંત્રતા પણ આપે છે. તેમની અપેક્ષા બહાર સુમતિ તેમની સાથે રહેવાનું સ્વીકારે છે. આમ, બન્ને સ્ત્રીઓ એકબીજાની પૂરક બને છે. સુમતિનું આ વાક્ય ચંદ્રાબહેન તરફનો નિ:સ્વાર્થ પ્રેમ દર્શાવે છે:

"કેમ મા? શું હું અહીં ન રહી શકું? સંબંધો શું લોહી કે સગપણને આધારે જ ઘડાતા હશે? ચાલો, આરામ કરો. મેં ડોક્ટરને ફોન કર્યો છે, તમને તાવ આવે છે." (પૃ. ૭૮)

**'ઘંટી' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

હેમા સંઘર્ષનું સમાધાન લાવવા માટે જાતે કટિબધ્ધ થાય છે. તે શૈલેષને જણાવે છે કે બીજે દિવસથી પુત્રીઓના ટેસ્ટ શરૂ થાય છે. આથી તે ટિફિન નહીં લાવે શકે. આથી તેને હૉસ્પિટલનું જ ભોજન જમવું પડશે. પોતે પણ હવેથી સાંજની રસોઈ માટે મહારાજ રાખી લેશે, જેથી તેની તકલીફ થોડી ઓછી થાય. અહીં તેના સંઘર્ષનું સમાધાન આવે છે. હેમા અને શૈલેષ વચ્ચે સંવાદ થાય છે. તેમાં તેની મક્કમતા દેખાય છે. જુઓ:

"પણ હું કાલથી ટિફિન લાવવાની નથી."

"શું?" શૈલેષ રોષથી બોલી ગયો.

હેમાએ પાસે આવી, એના કપાળે હાથ મૂક્યો.

"હા શૈલેષ, હૉસ્પિટલનું ખાવાનું હું ચેક કરી આવી, કિચનમાં જઈ આવી. સારું છે ખાવાનું- આ ભાઈ પણ એ જ ખાય છે ને!" (પૃ. ૧૪૨)

**'આંધી' (અનુરાધા, ૨૦૦૩)**

વિદ્યા પતિ મિહિરની મારઝૂડથી થાકીને ભારત પરત ફરે છે. મિહિર તરફનો સંઘર્ષ શમાવી લે છે. પરંતુ સિદ્ધાર્થના બેફામ વર્તનને કારણે તેનો સંઘર્ષ શમવાને બદલે બેવડાઈ જાય છે. નઠારા સિદ્ધાર્થને એક જ શબ્દમાં તે જણાવી દે છે કે આ ઘર તેનું છે અને તેની મરજી પ્રમાણે જ તેને અહીં જીવવું પડશે. આ મકાનને ઘર બનાવવા માટે તેણે રાત-દિવસ એક કરીને પરસેવો પાડ્યો છે. પોતાનું આત્મસન્માન સાચવીને યૌવન પસાર કર્યું છે એ તેની તપસ્યા તે એળે નહીં જવા દે! તેનું આ વાક્ય તેના મક્કમ મનોબળને દર્શાવે છે:

"તારા ભલાબૂરાનો વિચાર કરીને જ હું એને છોડીને અહીં આવી હતી. મને એ યોગ્ય લાગ્યું એટલે મેં કર્યું. તારે બીજો નિર્ણય લેવો હોય તો તને છૂટ છે. ત્યાં સુધી મારા ઘરમાં હું કહીશ એમ જ રહેવું પડશે." (પૃ. ૧૬૩)

**'એક જાત અસ્ત્રીની' (અનુરાધા, ૨૦૦૩)**

લક્ષ્મી અને સ્મિતા બન્ને એકબીજાની તકલીફને સમજે છે. તેમની વચ્ચેનો ખટરાગ શમે છે. અંતે બંને એકબીજાની પૂરક બનીને ઘર છોડીને ચાલી જાય છે. સ્મિતાનું આ વાક્ય તેમની પીડાનો અંત લાવવાનું સૂચક છે:

"કેમ તેં તો કહ્યું આપણે અસ્ત્રીની જાત. પછી બન્ને બહેનપણીઓ થઈ કે નહીં! થોડું ચાલ ત્યાં ટેક્સી મળી જશે." (પૃ. ૧૮૨)

**'અદૃશ્ય રેખા' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

અનુબહેન નક્કી કરી લે છે કે દરેકને પોતાની ભાગ્યરેખા પર છોડી દેશે. બાળકો અને પતિની માયા ઓછી કરીને પોતાની રીતે જીવન જીવવાની તૈયારી કરે છે. પોતાના પસંદ કરેલ રસ્તા પર ચાલવાનું નક્કી કરે છે. પતિની બૂમ છતાં દરિયાકિનારે ચાલવા જતી રહે છે.

**'અવાજોનું ઘર' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

લેખિકાએ મધુબહેનના સંઘર્ષનું નિરાકરણ આપ્યું છે. દીકરીઓએ નક્કી કર્યું કે ઘર વેચવું નથી. મધુબહેન ત્યાં જ રહેશે અને ભાઈ-બહેનનાં બાળકોમાંથી કોઈને કોઈ અહીં આવતું રહેશે. પતિના પ્રેમની નિશાની જેવું ઘર એવું જ રહેશે એ વાતે તેઓ ખુશ થાય છે.

"અમે અહીંયાં રહીશું... કોઈક ને કોઈક તો અહીં આવશે, રહેશે, સ્મૃતિના આલ્બમનાં પાનાં ફેરવશે. હા મમ્મી, આ ઘર તો તારા ને પપ્પાનાં પ્રેમનો વારસો છે." (પૃ. ૯)

**'સાક્ષી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

વીસ વર્ષના લાંબા અંતરાલ પછી ડૉક્ટર રોઝાને મળે છે. તે જુએ છે કે રોઝાએ સંઘર્ષને પોતાનો સાથી બનાવી દીધો છે. અપંગ દીકરીને સારી રીતે ઉછેરી છે. આજે તેની દીકરી દેશ-વિદેશમાં ગીતો ગાય છે. તેણે આ રીતે સ્વતંત્ર સ્વ-ઓળખ બનાવી છે. જે રોઝા પાસે આર્થિક કે માનસિક કોઈ પ્રકારની મદદ નહોતી તેણે હિંમત હાર્યા વગર સ્વબળે સંઘર્ષનો સામનો કર્યો.

**'સાંજને ઉંબર' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

રેવાને તેની મા તો મળતી જ નથી. આથી એ સંઘર્ષ પૂર્ણ થતો નથી. પણ રેવા કિસનને પોતાની પાસે રાખવાનું નક્કી કરે છે. જેવી નફરત પોતે માને કરે છે એવી જ કિસન પોતાને ન કરે તે માટે તેને ઉછેરવાનો નિર્ણય કરે છે. વાર્તામાં તેના સંઘર્ષનુ શમન  થાય છે.

"કોઈ એની રાહ જોતું હતું. એને પણ કશેક જવું હતું. એની છાતીમાં એકદમ પીડા થવા લાગી. મારો કિસન, રસ્તાની ગિર્દી વીંધી એણે ઝડપથી ઝૂંપડી તરફ જવા માંડ્યું." (પૃ. ૧૮૪)

**'ચૌદમી પૂતળીની વાર્તા' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

ચૌદમી પૂતળી પાસેથી વાર્તા સાંભળ્યા બાદ રાજા તેને પકડી લે છે અને કારાગારમાં નખાવી દે છે. આ જોઈને અન્ય પૂતળીઓ શાંત થઈને સિંહાસનના પાયામાં જ જકડાઈ જાય છે. વાર્તાની પૂતળીઓએ સંઘર્ષનો સ્વીકાર કરી લીધો છે.

"છાતીફાટ રડતી પૂતળીને સૈનિકો અજાણી જગ્યાએ એકાંતવાસમાં લઈ ગયા. બીજી પૂતળીઓ ફફડીને... બની પાયામાં જ જડાઈ રહી." (પૃ. ૧૨૧)

**'જોડકું' (અનુરાધા, ૨003)**

નંદિની પતિને મોં પર સાફ કહે દે છે કે તેને પોતાની પુત્રીઓને ભોગે પુત્ર લાવવામાં કોઈ રસ નથી. જોકે આ વાત માટે તેને સાસુની નારાજગી વહોરી લેવી પડે છે અને પતિનો તમાચો પણ ખાવો પડે છે. છતાં તે પોતાનો નિર્ણય બદલતી નથી. આ સામાજિક બંધનોને ફગાવી દઈને નાયિકા ઘરમાં તો પરિવર્તન લાવે છે પરંતુ સમગ્ર સમાજમાં બદલાવ માટેનું કોઈ નિરાકારણ અહીં જોવા મળતું નથી. સમગ્ર સમાજની વિચારધારામાં પરિવર્તન આવી શકે તે માટેનું નિરાકરણ અહીં પ્રસ્તુત નથી.

"મારે બધું જ સંભાળવાનું છે સમજ્યા! દીકરો આવશે તો આસ્થા અને આરતીને ભોગે મોટો થશે અને બધું પામશે. એટલુંય તમને સમજાતું નથી? મારે તો ધોળે ધરમેય ત્રીજું સંતાન ન જોઈએ. બસ. મેં કહી દીધું." (પૃ. ૪૬)

**'વાવલી' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

હિના પોતાની કમાણીનો અમુક હિસ્સો પોતાની કુંવારી બહેનો માટે વાપરવાનું નક્કી કરે છે અને આ માટે માતાને મનાવી પણ લે છે. પુત્રીની કમાણી પિતા ન વાપરી શકે એવા સમાજના પોકળ નિયમ સામે તે બંડ પોકારવાનું નક્કી કરી લે છે. માતાની મનાઈ સામે તે કહે છે કે એક દીકરી તરીકે પોતાની પણ પરિવાર પ્રત્યે ફરજ છે.

"ખુશીથી લેવાય મમ્મી, હું કમાઉં છું ને? બે બહેનોના ખાતામાં જમા કરતી રહેજે. આ વાત માત્ર હું અને તું જ જાણીએ બસ! પછી તને શો વાંધો છે?" (પૃ. ૪૨)

**'બસ, થોડાં ડગલાં સાથે ચાલવું' (કોઈ વાર થાય કે..., ૨૦૦૩)**

કરુણા સમાજ સાથેના સંઘર્ષનું નિવારણ લાવવા માટે જે. કે. સાથે લગ્ન કરે છે. કરુણા આર્યનને સમજાવે છે કે તેના પિતા સાથે લગ્ન કરવા પાછળ પોતાનો કોઈ ખરાબ આશય નથી. પોતે પતિ રાજવીરને આજે પણ પ્રેમ કરે છે. વળી, તેના પિતા પણ તેની માતાને આજપર્યંત ભૂલ્યા નથી એ વાતથી આર્યનને વાકેફ કરે છે. કરુણાની આ વાત સાંભળી આર્યનના મનનું સમાધાન થાય છે.

"આ છે મારા હસબન્ડ. આઈ લવ હીમ વેરી મચ. અને તને જો ફુરસદ હોય અને તારા પપ્પાનું વોલેટ જોશે તો તારી મમ્મી અને તમારા સૌનો ફોટો તને મળશે... મને તો માત્ર તમારી મિત્રતા, સ્નેહ જોઈએ છે." (પૃ. ૧૭૯)

**'કચૂડાટ' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

પૂજાનો ફોન આવે છે અને તે જણાવે છે કે બીજા દિવસે સવારે તે કુમાર અને બાળકને લઈને ઈન્ડિયા આવવાની છે. મનમાં આક્રોશ હોવા છતાં કાદંબરી તેને મનાઈ નથી કરી શકતી અને હિંચકા પર બેસી જાય છે. તે કિચૂડાટ સાથે તેના મનનો પણ કકળાટ નીકળી જાય છે.

**'ચંપાનું ફૂલ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

ગણિતના નવા શિક્ષિકા હેમાબહેન પુષ્પાને વહાલથી નામ પૂછે છે. તેને પોતાના ઘરે લઈ જઈ શરબત પીવડાવે છે. તેને અભ્યાસમાં મદદ કરવાનો વાયદો કરે છે. પુષ્પા ખુશ થઈ જાય છે. અહીં તેના સંઘર્ષનું સુખદ નિરાકરણ સૂચવ્યું છે.

**'ડ્રીમલેન્ડ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

એકલતાથી થાકેલી અને ત્રાસેલી કાનન બદલીનો ઓર્ડર સ્વીકારી લે છે. અજાણ્યા શહેરમાં ચાલી જાય છે. જો કે એક સ્ત્રીને ત્યાં પણ એકલા રહેવામાં પુરુષોની નજરથી બચવું જ પડે છે. તે એક ઓફિસર સાથે દોસ્તી કરી લે છે. પુરુષના સહવાસની મનમાં ધરબી રાખેલી ઇચ્છાને તે પૂર્ણ કરે છે.

**'ભીની રેતીમાં પગલાં' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

અપર્ણા પોતાના પ્રથમ લગ્નના સંઘર્ષમાંથી મુક્તિ મેળવવા નોકરી સ્વીકારે છે. પુનર્લગ્ન માટે વિધુર મોહિતની વાત આવે છે. મોહિતનો સાલસ અને નિ:સ્પૃહ સ્વભાવ જોઈને તે સંબંધ માટે રાજી થાય છે. આ માટે મોહિતના બાળક સાથે હળવામળવાનું શરૂ કરે છે.

**'હરિ મને આપો એકાદી એંધાણી' (એંધાણી, ૧૯૮૯)**

રૂપાને રક્તપિત્તનો રોગ થાય છે. પરિવારજનોએ તરછોડી દે છે. રૂપાની અંગત વેદના માટે લેખિકાએ નિવારણ દર્શાવ્યું નથી. પણ તેને અનુભવાતી અન્યોની વેદના માટે દીદી તેના દરેક પ્રશ્નોના ઉત્તર આપે છે. દીદી કહે છે:

ઈશ્વર પ્રત્યેના સંઘર્ષનું નિરાકરણ લાવતાં દીદી કહે છે, "આ બધી હરિ હોવાની એંધાણી છે રૂપા. આ દુ:ખ-દર્દોને વલોવી નાખતી વેદના જોઈને તો લોકનો આતમરામ જાગે છે. માનવતા સળવળી ઊઠે છે અને પડી ગયેલાંને ટેકો આપવા એ આગળ આવે છે. જન્મજન્માંતર

ચાલે એવો આ યજ્ઞ છે. પ્રજાની માનવતા જાગ્રત રહે, ચૈતન્ય ધબકતું રહે એ માટે આ દુ:ખદર્દોનું નિર્માણ." (પૃ. ૧૧)

**'કેટલીક મધુર ક્ષણો' (એંધાણી, ૧૯૮૯)**

લેખિકાએ સુજાતાના સંઘર્ષનું કાયમી નિવારણ આપ્યું નથી. સુજાતા એ સંઘર્ષ સાથે જીવતા શીખી ગઈ છે. લોકો રાહુલ માટે દયાભાવ રાખે એ તેને મંજૂર નથી. રાહુલને એ પોતાના પ્રેમનું કેન્દ્ર જણાવે છે. સુજાતાની બહેનપણીઓ ત્રણ દિવસ માટે રાહુલને સાચવવાની જવાબદારી લઈને એ દંપતીને ફરવા મોકલે છે.

**'ભાગ્યનું લખત' (એંધાણી, ૧૯૮૯)**

રાજરાણી દલિત વર્ગની યુવતી છે. તે જમીનદારની હવસનો ભોગ બને છે. તેની શારીરિક અને માનસિક પીડાનું શમન થતું નથી. સ્ત્રીનો ઉપભોગ કરવાની સમાજની વરવી વાસ્તવિકતાને તે મૂંગે મોઢે સ્વીકારી લે છે.

**'બ્લાસ્ટ' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વિધર્મી યુવક સાથે પરણવાની રીટાની જીદ સામે નારાજ કીશુબહેન મુંબઈ આવે છે. લિફ્ટમાં મળેલ રીટા અને ઇરફાન તેમને પોતાની સાથે હોટેલ તાજમાં આવીને ડિનર લેવા માટે ખૂબ આગ્રહ કરે છે. કીશુબહેન તેમને અવગણી સંબંધીની સાથે ચાલી જાય છે. ત્યાં તેમને ખબર પડે છે કે જે સ્થાને રીટા ગઈ છે ત્યાં આતંકવાદી હુમલો થયો છે. આતંકવાદીઓ આડેધડ ગોળીબાર કરીને લોકોને મારી રહ્યા છે. આ સાંભળી તે આઘાત પામે છે. તેમની આંખોમાંથી આંસુની સાથે તેમની જીદ, માન્યતાઓ અને આગ્રહો વહી નીકળે છે. વાર્તામાં પુત્રી પ્રત્યેના સંઘર્ષનું નિરાકરણ નથી દર્શાવ્યું. રીટાના સંઘર્ષનું પણ કોઈ નિવારણ નથી દર્શાવ્યું. વાર્તાના અંતે લેખિકાએ અકલ્પિત નિરાકરણ આપ્યું છે.

**'લોલક' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

નાનુમા પોતાની દીકરીને સાચી સલાહ તો આપે છે, પરંતુ તેનો અમલ થાય છે કે નહીં જોવા માટેનો દુરાગ્રહ નથી રાખતાં. નાનુમા પત્રમાં લખે છે કે તેમને નિર્ણય લેવાની સ્વતંત્રતા છે. પણ તેઓ હવેથી આ ઘરમાં પગ નહીં મૂકે તે વાત તો નક્કી! પૂર્વેની દીકરીઓને જન્મ પછી મોત મળતું હતું. તેના બદલે હવે જન્મતાં પહેલાં જ મોત આંબી જાય છે એ વાતનું કોઈ નિરાકરણ નથી.

**'ઉંબર પર' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વાર્તામાં રાજુલની પીડા માટે કોઈ નિરાકરણ નથી. કશ્યપનું વાક્ય, "મારી બહેનને મારા ઘરમાં રાખવા તારી પરમિશન લેવાની મારે?" સાંભળી રાજુલને પોતે આજે જ નવી પરણીને આવેલી વહુ જેવો ભાવ થાય છે.

**'સ્મૃતિની ફિંગરપ્રિન્ટ' (એંધાણી, ૧૯૮૯)**

સુરેખા અરુણ સાથે પુનર્લગ્ન કરવા માટે તૈયાર થાય છે પરંતુ, તેને ઘરમાં બધે જ અદૃશ્ય રીતે પ્રકાશની સ્મૃતિની છાપ દેખાય છે. આથી તે વારંવાર વિચારમાં પડી જાય છે. આ કારણે તે અરુણને લગ્ન માટે હા કહે કે ના તેનો નિર્ણય કરી શકતી નથી. આ સમસ્યા માટે લેખિકાએ સમાધાન સૂચવ્યું નથી.

"સુરેખા એટલી અસ્વસ્થ થઈ ગઈ કે એને થયું કે એ રડી પડશે. પ્રકાશને એણે ખોઈ દીધો હતો, પણ અરુણ સાથે લગ્ન કરતાં પ્રકાશની સ્મૃતિ પણ દીવાની જેમ ઓલવાઈ જશે. તો શું લાંબા અંધારપથે એ એકલી ચાલ્યા કરશે." (પૃ. ૧૦૭)

**'લાંબી ધીમી તપતી બપોર' (અનુરાધા, ર003)**

વંદનાની સમસ્યા માટે લેખિકાએ સમાધાન આપ્યું નથી. તેનું જીવન એક ધીમી તપતી બપોર જેવું બની ગયું છે. આ લાંબી બપોરનો ક્યારે અંત આવશે તેની તેને ખુદને જ ખબર નથી. લગ્ન પછી પિયરમાંથી તેનાં 'મૂળિયાં ઊખડી ગયાં' જેવો ભાવ અનુભવાય છે.

**'ઔરત સબ એક્સ્ટ્રા' (અનુરાધા, ૨૦૦૩)**

લેખિકાએ સુનિતાના સંઘર્ષનું સમાધાન આપ્યું નથી. ડાયરેક્ટરે સુનિતા પર જબરદસ્તી કરીને રૂમની બહાર કાઢી મૂકી છે. તે અસહાય અને લાચાર છે. તે જુએ છે કે ફિલ્મની મુખ્ય હિરોઈન મોનાની પણ પોતાના જેવી જ હાલત છે.

**'પ્રેમગલી અતિ સાંકરી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

સીમા બે વાર બાળક ગુમાવ્યાની વેદનામાંથી પસાર થાય છે. એકલતાને દૂર કરવા તે અન્ય પ્રવૃત્તિમાં પરોવાય છે. એક દિવસ તે અજાણ્યા બાળકનું રુદન સાંભળે છે. તેનો હૃદયપલટો થાય છે. તે બે અનાથ બાળકોને સ્વીકારવા તૈયાર થાય છે. પતિ આ પ્રસ્તાવનો સહર્ષ સ્વીકાર કરે છે. અહીં તેની પીડાનું શમન થવાની શક્યતા છે.

જૂથને અંતે જોઈ શકાય છે કે અલગ વય અને ભિન્ન પરિસ્થિતિઓને કારણે પીડાનું સંવેદન પામતી સ્ત્રીઓના સંઘર્ષનું શમન પણ અલગ અલગ પ્રકારે થાય છે. હેમા અને અનુબહેન ગૃહિણી છે. તેમના કામની કોઈ કદર ન થતાં પોતાનો નિર્ણય જણાવી દે છે અને મુક્તિ મેળવે છે. રૂપાને ઈશ્વરે આપેલી પીડાનું નિવારણ દીદીના જવાબથી મળે છે. રોઝા અપંગ બાળકીને ઈશ્વરની ભેટ સમજીને પોતાની પીડાનું નિવારણ જાતે લાવે છે. અપર્ણા અને કરુણા સમાજની નજરોને જવાબ આપવા માટે બીજું લગ્ન કરીને પોતાની પીડાનો અંત લાવે છે. દીકરીને માફ ન કરી શકતી કાદંબરી પૂજાને માફ કરી પીડાનું શમન લાવે છે. માતાને કારણે પીડિત રેવાનો સંઘર્ષ મનોમંથન બાદ હળવો થાય છે. મધુબહેન એકલા પડે છે અને પુત્ર પન્નને યાદ કરે છે, તેનું નિવારણ નથી. તેમની એકલતાનું દીકરીઓ ત્વરિત નિવારણ લાવે છે.

ચંદ્રાબહેન દામ્પત્યજીવનની મુશ્કેલીઓને પાર કરે છે, પણ પુત્રવધૂ સુમતિ માટે સાચી લાગણીને કારણે પુત્રને ઘરની બહાર જવાનો રસ્તો બતાવી દે છે.

સ્મિતા અને લક્ષ્મી પતિનું ઘર છોડીને જવાની ખુમારી ધરાવે છે. નંદિની પોતાની દીકરીઓને ભોગે પુત્ર લાવવાની વાત સામે સખત વિરોધ નોંધાવે છે. વંદના અને સુરેખાની પીડાનું શમન થતું નથી. હિના પોતાની કમાણીમાંથી બહેનોનાં ભવિષ્ય માટે બચત કરશે એમ નક્કી કરે છે. સામાજિક પ્રશ્નોનો સામનો કરતાં નાનુમાના આક્રોશનું શમન નથી. સુનિતા અને રાજરાણીની પીડા પણ સમાપ્ત થતી નથી. સીમા બાળકોને સ્વીકારવાની તૈયારી બતાવે છે, આથી તેની પીડાનું શમન થવાની શક્યતા દેખાય છે. રીટાના મૃત્યુ સાથે કીશુબહેનનો સંઘર્ષ એક નવી દિશા તરફ ગતિ કરે છે.

**જૂથ-૨ : ઉદાસી**

સ્ત્રીના જીવનમાં કેટલીય ઘટનાઓ એવી બને છે જેનાથી તે ઉદાસ થાય છે. સહજીવનનો ખટરાગ, અમુક સામાજિક નિયમોને ફરજિયાતપણે પાળવાનું ભારણ પણ તેની ઉદાસીનું કારણ છે. આ સંવેદનને કારણે સ્ત્રીઓની લાગણી વેરણછેરણ થઈ જાય છે. પ્રિયપાત્રના વિયોગને લીધે સ્ત્રીઓ ઉદાસ થાય છે. એકલતાને કારણે મનોમન હિજરાતી સ્ત્રીઓનું માનસિક સંતુલન બગડી જાય છે. આ જૂથમાં જેના કારણે ઉદાસ થઈ છે એ વ્યક્તિ પાસેથી જ નિરાકરણ શોધવાનો પ્રયત્ન કરતી સ્ત્રીઓ છે. કેટલીક સ્ત્રીઓ સ્વપ્રયત્નથી તેનું નિવારણ લાવે છે. કેટલીક સ્ત્રીઓ એ ઉદાસીનો સ્વીકાર કરી લે છે.

આ જૂથની ૧૦ વાર્તાઓમાં ઉદાસીનું સંવેદન અનુભવતી સ્ત્રીઓની વ્યથા છે. સ્ત્રીઓ ઉદાસીમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધે છે. પરણ્યા પછી પિયર પારકું થઈ ગયું છે એમ અનુભવતી યુવતી છે. નવવધૂ તરીકે અપરિચિત દુનિયામાં પ્રવેશતી સ્ત્રીની ઉદાસીને દૂર કરવામાં પતિ સહાયરૂપ થાય છે. બે પેઢી વચ્ચેનું અંતર અનુભવતાં બે સ્ત્રી-પાત્રો વણકહ્યે

ઉદાસીમાં સરી પડે છે. તેમના સંઘર્ષનું નિવારણ આપ્યું છે. શૈશવની સ્મૃતિઓમાં ખોવાયેલી સ્ત્રી પોતાની ઉદાસીને પતિની મદથી દૂર કરે છે.

વૈવાહિક જીવનના ખટમધૂરા સંબંધમાં જોહુકમી કરતો પતિ પત્નીની ઉદાસીમાં પરોક્ષપણે ભાગ ભજવે છે. અંતે તે જ તેની ઉદાસી દૂર કરવામાં સહાય કરે છે. પતિના નિધન બાદ સાસુ સાથેનો અણબનાવ ભૂલીને સ્ત્રી આગળ વધે છે. માનસિક અપંગ બહેન માટે પોતાનાં યૌવન અને જીવનનું બલિદાન આપી દેનાર સ્ત્રી ભાઈ-ભાભીની ખંધાઈને કારણે ઉદાસ છે. તે ભાઈને માર્ગ બતાવી દેવાનું સાહસ કરે છે. આર્થિક સ્વતંત્ર સ્ત્રીને લગ્ન નથી કરવા એ માટે તે મક્કમ છે.

**'અનુરાધા' (અનુરાધા, ૨૦૦૩)**

અનુરાધા દોઢ વર્ષના લગ્નજીવન પછી છૂટાછેડા લે છે. તે પરિવારજનોનું બદલાયેલું વર્તન જુએ છે. તે સમજી જાય છે કે આ ઘરમાં હવે પોતાને માટે કોઈ જગ્યા નથી. તે નક્કી કરે છે કે એક વર્ષનો ડિપ્લોમા કોર્સ કરશે. પછી કામ શોધી લેશે અને કોઈને માથે નહીં પડે. જોકે તેની માતા આ વાત સાથે સહમત નથી. અનુરાધા મક્કમ મને હૉસ્ટેલમાં ચાલી જાય છે. એક નાની રૂમમાં પોતાનો એક ખૂણો મળવાથી ખુશ થાય છે.

**'ગુડ મોર્નિંગ, મિસિસ દેસાઈ!' (એંધાણી, ૧૯૮૯)**

પિયર સાથેનો સંબંધ ક્ષણભરમાં મૂકીને આવેલી કૃષ્ણાને પરિવારની યાદ આવે છે. પોતે હવે બે ચોટલા ઉછાળતી, શાળાએથી દોડી આવતી છોકરી નથી એ વાતથી રંજ અનુભવે છે. હવે તે કોઈની પત્ની અને કોઈના ઘરની પુત્રવધૂ છે એ વાત તેને પતિ જ યાદ કરાવે છે. એથી તેના ચિત્તમાં ઉદ્ભવેલ સંઘર્ષનું શમન થાય છે.

"કૃષ્ણાએ આયનામાં નજર કરી. હા, સામે મિસિસ દેસાઈનું પ્રતિબિંબ હતું. એણે અજય સામે મધુર, આછું વિષાદભર્યું સ્મિત કર્યું." પૃ. ૩૯)

**'બંધ ખાનું' (એંધાણી, ૧૯૮૯)**

ઇન્દુ પતિ શૈલેષને કહે છે કે તે બાળકોને સમજાવે. શૈલેષ બાળકોને ટેબલ જેમ છે એમ જ રહેવા દેવાની સૂચના આપે છે. તેના સંઘર્ષનું સમાધાન થાય છે. પોતાની સ્મૃતિરૂપ ટેબલ સચવાઈ રહેશે એ વાતથી ઇન્દુ ખુશ થાય છે.

**'ચલતે ચલતે' (અનુરાધા, ૨૦03)**

સાસુ-વહુની જોડી રેશમા અને નીરૂબહેન એકબીજાથી અતડાં રહે છે. એકવાર રેશમા ત્રણ દિવસ સુધી બીમાર રહે છે. નીરુબહેન તેના ઘરે આવી દિલથી એની સંભાળ રાખે છે. રેશમાને પણ સાસુ તરફ લાગણી થાય છે. બન્નેની એકબીજા તરફની મૂક ફરિયાદોનો અંત આવી જાય છે. રેશમા તેમની સાથે જવા તૈયાર થાય છે. રેશમા અને નીરુબહેન વચ્ચેનો આ સંવાદ જુઓ:

"બોલને બેટા. સાંજે તો હું જાઉં છું હોં! સમજું છું તમનેય જગ્યાની અગવડ તો પડે."

"ના રે. હું તો એમ કહું છું કે અમે બેચાર દિવસ ત્યાં રહેવા આવીએ! સૉરી તમારું કામ જરા વધી જાય પણ મને એકલું ન લાગે અને પપ્પાને મળી લેવાય..."

"લે, તેં આ કીધું. જવું જ છે પછી સાંજ શું? ઝટ ઘર ભેગા થઈ જઈએ..." (પૃ. ૧૩૧)

**'એક પત્ર' (અનુરાધા, ૨૦03)**

ચિત્રા મન મક્કમ કરે છે અને જીવનનો નવેસરથી પ્રારંભ કરે છે. સાસુ સાથેનો મનભેદ ભૂલી એમને પોતાની પાસે રહેવા બોલાવે છે. નાના પુત્ર વિરાજને તેમની પાસે મૂકીને નોકરી કરવા જાય છે.

**‘શ્રાવણીની કાવડ’ (અનુરાધા, ૨૦૦૩)**

રજની સંજય અને વીણાને ચોખ્ખા શબ્દોમાં જણાવી દે છે કે પોતે તરુને મૂકી અમેરિકા નહીં આવે. રજની તેમને પાછા રવાના થઈ જવા માટેનો આડકતરો ઇશારો પણ આપી દે છે. ભાઈ-બહેનનો સંવાદ રજનીની મક્કમતા દર્શાવે છે:

“પણ મોટીબહેન એમાં શો વાંધો છે? એ તો ઓળખતીયે નથી.”

“તો શું થયું? હું તો એને ઓળખું છું ને! અને સંજય આજકાલ પ્લેનમાં બહુ ગિર્દી રહે છે. ટિકિટો બબ્બે વાર કન્ફર્મ કરવી પડે છે એની તને ખબર નહીં હોય...” (પૃ. ૨૦૦)

**‘એક પ્રણયકથાનો અંત એટલે કે આરંભ’ (એંધાણી, ૧૯૮૯)**

અમિતાને લાગે છે કે અવિનાશ તેમની પાંચમી લગ્નતિથિ ભૂલી ગયો છે. રાતે અવિનાશ તેને સાડી ઓઢાડીને વધામણી આપે છે. આમ, તેના સંઘર્ષનું સમાધાન થાય છે.

**‘કુંડાળામાં પગ’ (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

લતાનો વર્ણ શ્યામ છે. તેને લગ્ન માટે યોગ્ય યુવક મળતો નથી. આખરે લતા કાયમી નોકરીનો ઓર્ડર લઈ લે છે. માતાને જણાવી દે છે કે પોતે લગ્ન નહીં કરે. તે નાની બહેન માટે છોકરો શોધવાનું શરૂ કરે.

**‘મોગરાની સુગંધ’ (અનુરાધા, ૨૦૦૩)**

રીતુ અને નિરંજન પતિ–પત્ની છે. નિરંજન રીતુને દરેક વાતમાં ટોકે છે. રીતુ મૂંઝાય છે. એકવાર રીતુની જૂની કોલેજ મિત્ર મળે છે. તેની સાથેની વાતચીત દ્વારા નિરંજન જાણી શકે છે કે રીતુને શેમાં રસ છે. તે રીતુને વચન આપે છે કે હવેથી પોતે તેની મરજીનું ધ્યાન રાખશે.

**'અનુરાધા' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

અનુરાધા પોતે પગભર થઈ છે. જાતે ઘર ખરીદી સ્વતંત્ર રીતે રહે છે. તે ઇચ્છે છે કે દરેક સ્ત્રીઓ ભણે અને સ્વનિર્ભર બને. પરંતુ, સમાજમાં દીકરીઓને નાની વયે પરણાવી દેવાની મનોવૃત્તિને બદલી શકતી નથી. લેખિકાએ અનુરાધાની આ વેદના માટે કોઈ સમાધાન સૂચવ્યું નથી. તે આ સમાજ વ્યવસ્થાને કમને સ્વીકૃતિ આપે છે.

આ જૂથમાં ઉદાસીનું સંવેદન અનુભવતી સ્ત્રીઓની વેદના માટેનાં નિવારણો સૂચવ્યાં છે. અનુરાધા ઘરમાં પોતાપણું ન લાગવાથી હોસ્ટેલમાં જવાનું નક્કી કરે છે. કૃષ્ણા અને અમિતાની  ઉદાસીને પતિ જ દૂર કરી દે છે. ઇન્દુ પતિની મદદ લઈને ઉદાસીનું નિવારણ લાવે છે. નીરુબહેન અને રેશમા બન્ને પરસ્પર સમજૂતી કરીને એક થઈ જાય છે. રજની સંજયને કડક શબ્દોમાં જણાવી દે છે કે પોતે આજીવન તરૂની સંભાળ લેશે અને કોઈએ તેની ચિંતા કરવાની જરૂર નથી. અનુરાધા ઇચ્છે છે કે સમાજની માનસિકતામાં ફેરફાર આવે. એમ ત્વરિત પરિવર્તન શક્ય નથી. આથી તે વર્તમાન પરિસ્થિતિ સાથે સમાધાન કરી લે છે.

**જૂથ-૩ : ધૃણા**

ધૃણા એક નકારાત્મક સંવેદન છે. કોઈ વ્યક્તિ પરત્વે જો ધૃણા થાય તો તેનું નિવારણ લાવવું સહેલું નથી. આવી વ્યક્તિ એક નકારાત્મક છાપ છોડે છે. નજીકની વ્યક્તિનો સાચો ચહેરો જોઈને થયેલી ધૃણાનો પ્રભાવ જલ્દી પીછો છોડતી નથી. આ સંવેદનનો સામનો કરતી સ્ત્રીઓ સામેની વ્યક્તિને માફ કરી શકતી નથી. તેથી તેનું નિરાકરણ આવતું નથી. એ ધૃણા સાથે જ જીવતી સ્ત્રીઓનાં ઉદાહરણો સમાજમાં છે.

આ જૂથમાં ધૃણા અનુભવતી સ્ત્રીઓની ૯ વાર્તાઓ રજૂ થઈ છે. મોટાભાગનાં સ્ત્રી-પાત્રોની ધૃણા પતિ તરફ દેખાય છે. જેમાં સ્ત્રી ધૃણાનું નિવારણ લાવવા માટે સ્વપ્રયત્ન કરે છે.

પતિના અવૈધ સંબંધોને સહજતાથી સ્વીકારી ન શકતી સ્ત્રીઓને તેમની તરફ ધૃણા થાય છે. પુરુષોની વાસનાભરી નજરોને ઓળખી જતી સ્ત્રી તેમની સામે થઈ જાતનું રક્ષણ કરે છે.

પતિની સ્વાર્થવૃત્તિને ધિક્કારતી સ્ત્રી તેની સાથે રહેવાને બદલે જેલમાં જવાનો નિર્ણય કરે છે. એની સામે જેલની દીવાલોમાં બંધ કેદીઓ પ્રત્યેની ધૃણાને કારણે પતિનો સાથ છોડી દેતી સ્ત્રી સંઘર્ષનું નિવારણ લાવે છે. સમાજમાં પતિની રામ જેવી પ્રતિમાને કાયમ રાખવા માટે મથતી સ્ત્રીની ધૃણાનું નિવારણ થતું નથી. પોતાની મિત્ર સાથે બળાત્કાર કરીને આઝાદીથી ફરતા ભાઈને કશું જ ન કહી શકતી યુવતીના સંઘર્ષનું શમન નથી.

**'મુક્ત કારાગાર' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

પરિતોષની વાતમાં વિકસતા ધંધાની ચિંતા અને સમાજની ફિકર દેખાય છે. અવની સમજી જાય છે કે પતિ તેનો નથી. સંઘર્ષની સ્થિતિમાંથી મુક્ત થવા અવની પોતાનો ગુનો કબૂલી લે છે. તે સમજે છે કે જેને પોતાના કરતાં વધુ સમાજની અને ખોટી પ્રતિષ્ઠાની ચિંતા છે, એવા પતિ સાથે રહેવું તેના કરતાં જેલ વધુ સારી છે. તે હવે પરિતોષ સાથેના પોતાના સંબંધનું સત્ય સમજી શકી છે. તેથી જ તે પરિતોષને કહે છે,

"જેલ નથી આ, પરિતોષ! આ જ તો મુક્ત દુનિયા છે. તમારી બહારની દુનિયાની જેમ અહીં દંભ નથી. માણસ જે છે તે જ દેખાય છે. ખોટી પ્રતિષ્ઠા, આબરૂ, કશું જ નથી અહીં. હું પણ અવની મટી સૌની સાથે એક નંબર બની જઈશ." (પૃ. ૬૪)

**'અમે રે ઊડણ ચરકલડી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

શાંતા અનંતનું શ્યામા તરફનું વર્તન બદલી શકતી નથી. એ સ્વીકારી લે છે કે અનંતના જીવનમાં તેનું સ્થાન છઠ્ઠી આંગળી જેવું છે. આથી અનંતની ચિંતા છોડી તે શ્યામાની કાળજીમાં પરોવાઈ જાય છે. બહેરાં-મૂંગાં બાળકોની શાળામાં શિક્ષિકા તરીકે જોડાય છે. હવે તે શ્યામાની જ નહીં અનેક બાળકીઓની સંભાળ રાખે છે. તેના સંઘર્ષનું સુખદ સમાધાન આવે છે.

**'શીરો' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

કુસુમના સંઘર્ષના નિવારણ માટે લેખિકાએ તેને જઘન્ય કૃત્ય કરતી બતાવી છે. જન્મથી જ દુ:ખી કુસુમનો વર રોજ તેનું શરીર ભોગવે છે. કુસુમને ગાળો બોલવી અને લાતો મારવી એનો નિત્યક્રમ છે. એકવાર કુસુમે બનાવેલો શીરો પતિ એક જ લાત સાથે ભોંયભેગો કરી દે છે. એ જ ઘીમાં રડતી કુસુમને ચૂંથીને પાછો સળગતી બીડીનો ડામ દે છે. જીવનના ભારથી થાકેલી કુસુમ જાત પરનો કાબૂ ગુમાવી દે છે. ચટણી વાટવાના પત્થર વડે પતિનું માથું ભાંગી નાખે છે.

"લોહિયાળ લોચો થઈ એ પગ પાસે જ પોટલાની જેમ પડ્યો. હાથમાં તોળેલો પથ્થર અને કુસુમ રોષથી થરથર કાંપતી એને ફાટેલી આંખે જોઈ રહી હતી. માંસનો લોચો. હવે એ કોઈ દિવસ ન ગાળ બોલશે ન એના શરીરને અડશે." (પૃ. ૧૭૭)

**'સતી' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

પતિની રોજની મારપીટથી થાકેલી નાયિકા ધૃણાનો અંત લાવવા તેનું ખૂન કરે છે. અન્ય પુરુષો તરફના સંઘર્ષનો અંત લાવવા માટે તે મનોમન કઠણ બની જાય છે. તે સમજી જાય છે કે આ સમાજની વ્યવસ્થામાં જીવવા માટે તેને પોતાની જાતનું રક્ષણ કરવું જ પડશે. પુરુષ સંત્રીની વાસનાભરી નજરોથી પોતાની જાતને બચાવવા માટે તે નાગની જેમ ટટ્ટાર થઈ જાય છે. પુરુષોનાં વાકબાણોનો તે તેજતર્રાર જવાબ આપે છે:

"સાલ્લા ભૂલ ગયા રે! મૈંને ધનીકો મારા. પથ્થરસે સરકો ફોડ દિયા. તુઝકો છોડુંગી ક્યા મૈં? પુલિસ ઔર જેલકી ઝંઝટસે ડરતા કૌન હૈ?" (પૃ. ૫૮)

**'મંગળસૂત્ર' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

નીના પતિ ઈશાનના અન્ય સ્ત્રી સાથેના સંબંધનો અસ્વીકાર કરે છે. લેખિકાએ તેને ઘર છોડીને જતી રહેતી દર્શાવી છે. આ માટે તે એક નવા સ્વરૂપે જન્મ લેતી હોય એમ

અનુભવે છે. નીનાને મતે કેવળ એક કાળો દોરો જ બન્નેને બાંધી રાખવા માટેનું કારણ હોય તો તેને ત્યજી દેવામાં જ તેની ભલાઈ છે.

"બધાં આવરણો ઊતરી ગયાં પછી ગૃહિણીમાંથી એક સ્ત્રીને પ્રગટતી એણે જોઈ. જેનું નામ હતું નીના. બસ નીના. આગળ પાછળ કોઈ શબ્દો નહીં." (પૃ. ૯૧)

**'જેલની ઊંચી તોતિંગ દીવાલો' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

ચંદન જેલર પતિ સુબંધુ સાથે ગામમાં આવે છે. તે આ સ્થાનમાં અસુવિધાનો અનુભવ કરે છે. સુબંધુને સમજાવવાનો કોઈ અર્થ નથી રહેતો. આથી સંઘર્ષની સ્થિતિમાંથી મુક્ત થવા રીંકુ સાથે દિલ્લી ચાલ્યા જવાનો નિર્ણય કરે છે. એવી જગ્યાએ જ્યાં કોઈ કેદીઓ ન હોય અને જેલની દીવાલો ન હોય! પોતાની ધૃણાને શમાવવા તે જાતે નિવારણ લાવે છે.

**'ઓ રંગરસિયા!' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

રાની ચમકદમકની દુનિયાથી ઉબાઈ ગઈ છે. જે પુરુષો તેનો ઉપયોગ કરતાં હતા તેમનાથી દૂર ચાલી જાય છે. ગરીબ શ્રીવાસ્તવ સાથે લગ્ન કરી લે છે. પોતાના સંઘર્ષનું શમન લાવે છે. આ સાથે જ માતા તરફની ધૃણાનું પણ શમન  લાવે છે.

**'તપશ્ચર્યા' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

અંજનાનો સંઘર્ષ પૂર્ણ થવાને બદલે વધુ વિકસે છે. હવે તેને ચિન્મયની 'રામ'ની છબી સાચવી રાખવાની છે. સમાજ અને પોતાના પરિવાર સમક્ષ તેને ચિન્મયને સારો સાબિત કરવાનો છે. તેનો ખરો સંઘર્ષ તો હવે શરૂ થાય છે. પોતાના દિલમાં પતિ પ્રત્યે નફરત ભરીને તેણે બહાર પ્રેમ અને બલિદાનની ચિનગારી પ્રગટાવવાની છે. નાના બાળક સમક્ષ પિતાને ઊજળો રાખવાનો છે.

**'એનઘેન ડાહીનો ઘોડો' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

પદ્મા જાણે છે કે રવિએ રુચિ સાથે દુષ્કર્મ કર્યું છે. છતાં તે પોતાનો અવાજ ઊઠાવી શકતી નથી. પિતા રવિને છોડાવવા માટે પ્રયત્ન કરે છે. તે ચૂપચાપ ઘટનાને જોયા કરે છે. પોતાના પિતા અને રવિ બન્ને તરફ તેને સંઘર્ષ છે. તેના સંઘર્ષ માટે કોઈ નિવારણ આપ્યું નથી.

આ જૂથમાં પોતાની ઘૃણાના શમન માટે પ્રયત્ન કરતી સ્ત્રીઓ છે. પરિતોષને ઓળખી જતી અવની જેલમાં જઈને તેમાંથી મુક્તિ મેળવે છે. જેલના અંધારા વાતાવરણથી ત્રસ્ત ચંદન દીકરીને લઈ પાછી ફરી જવાનું નક્કી કરે છે. શાંતા મૂકબધિર પુત્રી શ્યામા સાથે નવજીવન પામે છે અને અનંતને મૂકી નવી દુનિયામાં પ્રવેશે છે. કુસુમ અને 'સતી' પોતાની ઘૃણાનો અંત લાવવા પતિનું ખૂન કરી દે છે. નીના મંગળસૂત્રનું બંધન ફગાવી દઈ નવી કેડી પર પ્રસ્થાન કરે છે. જો કે સમાજમાં સુરક્ષિત રહેવા માટે તેણે 'મંગળસૂત્ર'નો સહારો તો લેવો જ પડે છે. રાની ફિલ્મ લાઈન છોડી શ્રીવાસ્તવ સાથે ઘર માંડે છે. અંજના ચિન્મય તરફની ઘૃણા મનમાં રાખી તેને સમાજ સમક્ષ યોગ્ય પતિ અને પિતા સાબિત કરવાનો પ્રયત્ન કરે છે. પદ્માની ઘૃણાનું નિવારણ આવતું નથી.

**જૂથ-૪ : તિરસ્કાર**

કોઈ પોતાના સ્ત્રીત્વનું અપમાન કરે ત્યારે સ્ત્રીને તે વ્યક્તિ તરફ તિરસ્કાર થાય છે. પોતાનું મૂલ્ય ન સમજનાર તરફ પણ તેને તિરસ્કાર થાય છે. ઘણીવાર કોઈ એક ચોક્કસ જૂથ તરફ પણ આ સંવેદન અનુભવાય છે. સ્ત્રી આ તિરસ્કાર માટેનું નિરાકરણ લાવવા આપમેળે કટિબદ્ધ થાય છે. કોઈવાર અન્ય પાત્ર તેને આ માટે સહાય કરે છે.

આ જૂથમાં ૭ વાર્તાઓનો સમાવેશ છે. કૌટુંબિક ભાવનાઓનો દ્રોહ કરીને પત્નીને અંધારામાં રાખતા પુરુષો છે. જેની તરફ તિરસ્કાર અનુભવતી સ્ત્રીઓ તેનું નિવારણ સ્વયં લાવે

છે. મનમાં ઘર કરી ગયેલ અમુક ગ્રંથિનું નિવારણ લાવવા માટે લેખિકાએ ઘટનાઓ ઊભી કરી છે. ઉચ્ચ પદવી ધરાવતા પુરુષોની માનસિકતા સામે તિરસ્કાર અનુભવતી અભણ સ્ત્રી પણ પોતાનો રસ્તો શોધી લે છે. ગૃહ કલેશથી કંટાળેલી સ્ત્રી સંઘર્ષનું નિવારણ લાવવા પ્રયાસ કરે છે. માતાએ રોપેલા કુસંસ્કારોની અસર હેઠળ પિતા તરફ તિરસ્કારનો ભાવ અનુભવતી યુવતી તેનું નિવારણ લાવે છે. પોતે પસંદ કરેલો માર્ગ ખોટો છે એમ જાણતાં તે રસ્તેથી પાછી વળી જવાનું નક્કી કરે છે.

પોતાના ચારિત્ર્ય પર જોખમ અનુભવતી નવવિવાહિત સ્ત્રી પતિને લઈને એ સ્થાન છોડી દે છે. સમગ્ર જીવન જેને કારણે બરબાદ થયું છે એવા પતિ તરફના તિરસ્કારને દૂર કરવા સ્ત્રી મોટું મન રાખી અંતિમ સમયે મદદ કરે છે. પુરુષજાત પ્રત્યે તિરસ્કાર ધરાવતી યુવતી લગ્નસંસ્થા સામે વિરોધ નોંધાવે છે. અંતે યોગ્ય પાત્ર મળી જતાં લગ્ન માટે તૈયાર થાય છે. વારંવાર પતિ તરફથી અપમાનિત થતી સ્ત્રી પોલીસમાં ફરિયાદ નોંધાવવા જાય છે. પોલીસની સલાહ છતાં તે ફરિયાદ કરે જ છે. તેના સંઘર્ષ માટેનો વિકલ્પ ખૂલે છે. વર્ષોથી માતાની હૂંફ વિના રહેલી યુવતીને ફોઈ માતા પાસે જવા તૈયાર કરીને સંઘર્ષ માટેનો વિકલ્પ ખોલી આપે છે.

**'બટમોગરો' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

વર્ષો પહેલાં પોતાની જવાબદારીઓથી ભાગી ગયેલ પતિ પાછો આવે છે. નાયિકા તેને સમજાવે છે કે પોતાની ઉપર તેનો કોઈ હક્ક નથી. તે વાત ન માનતા નાયિકા તેને તિરસ્કૃત કરી ઘરની બહાર કાઢી મૂકે છે.

પુત્રીની મનઃસ્થિતિ નાયિકા સમજી જાય છે. તેથી જ તે હોસ્ટેલમાં એક પત્ર મોકલાવે છે. એ પત્રમાં આજ સુધી ન કહેલી વાતોને તે પ્રગટ કરે છે. પતિએ વર્ષો સુધી ઘર અને પરિવારની ચિંતા કર્યા વગર જીવન પસાર કર્યું છે. હવે નાયિકા એ વ્યક્તિને પોતાના

જીવનમાં પ્રવેશની મનાઈ કરે છે. આ રીતે નાયિકા દીકરી તરફનો સંઘર્ષ પૂર્ણ કરે છે. એ પત્રમાં લખે છે:

"આ કાગળ તારી આગળ કોઈ કેફિયત કે બચાવનામું નથી. મને જે ક્ષણે, જે યોગ્ય લાગ્યું એમ જ કર્યું છે..." (પૃ. ૭૨)

**'ચક્કર' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

ગામડેથી આવેલી અમૃતા રૂપાળી છે. બોસ તેનાથી આકર્ષાય છે. અમૃતા બોસની ખોરી દાનત જાણી જાય છે. તે સમજાવીને પતિને પાર્ટીમાંથી પાછો લઈ આવે છે. તેનો કાન્ત સાથેનો સંવાદ જુઓ:

"અમૃતા આ શું? સાહેબ કહે છે રોકાઈ જાવ અને તું..." કાન્તે હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યો.

"નહીં કાન્ત, આપણે જઈએ. એવું છે ને સાહેબ, કે ઊંચાઈથી મને ચક્કર આવે છે." (પૃ. ૧૩૦)

**'જખમમાંથી લોહી' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

દેવકી સાથે થયેલ ઘટનાનું પુનરાવર્તન પોતાની સાથે ન થાય તે માટે સલોની માનસિક રીતે સજ્જ થઈ જાય છે. સલોની શાંતનુ સાથેના અફેરનો અંત લાવવા મક્કમ બને છે. પિતા તરફનો તિરસ્કાર ઓછો થતાં તેમની સાથે બેસીને બાળપણની યાદો વાગોળે છે. આજ સુધી માતાને કારણે તે પિતાથી અળગી રહી હતી. આજે વર્ષો પછી પિતાનો પ્રેમ અનુભવતા ખુશ થાય છે.

**'દીપમાળ' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

પ્રમિલા સમાજના ઠેકેદારો કહેવાતા ટ્રસ્ટીઓની અને આચાર્યની પોલ ખોલી નાખે છે. એક દિવસ પ્રેસ, ટી.વી., ફોટોગ્રાફર, કમિશનર વગેરેને ભેગા કરે છે. આ સાથે તે શાળાની

વિદ્યાર્થિનીઓ, વાલીઓ અને વસતીના અન્ય કેટલાક લોકોને પણ લાવે છે. આચાર્યને આવેદનપત્ર અને સ્ટે-ઓર્ડર આપીને તે જગ્યા માટેનો સ્કૂલનો દાવો મૂકી દે છે. આ બધાંની સામે આચાર્યનું કાંઈ ચાલતું નથી. પ્રમિલા તેમની પાસે શાળાના વિકાસ માટે મૂકેલા પૈસાનો હિસાબ પણ કોર્ટમાં રજૂ કરવાનો કહે છે. ગરીબ વિદ્યાર્થિનીઓનાં ભવિષ્ય સાથે ચેડાં ન થાય તે માટે તે તકેદારીનાં પગલાં લે છે. આમ, સંઘર્ષનું નિરાકરણ તે જાતે જ લાવે છે.

**'સંબંધ અથવા બીજું કશું નહીં' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

લેખિકાએ પુષ્પાબહેનના સંઘર્ષનું નિવારણ દર્શાવ્યું છે. તેઓ પતિને છોડીને ચાલ્યા જાય છે. વર્ષો પછી તેઓ પતિને હોસ્પિટલમાં મૃતઃપ્રાય અવસ્થામાં જુએ છે. પતિ તરફના તિરસ્કારને અવગણીને તેમની અંતિમ વ્યવસ્થા કરવા વોર્ડબોયને પૈસા આપે છે.

**'કહે દિયા સો કહે દિયા' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વૈશાલીને લગ્નસંસ્થામાં વિશ્વાસ નથી. આ માટે તે માતા-પિતાનો વિરોધ કરે છે. એક વાર પિતાના મિત્રનો પુત્ર નિલેશ થોડો સમય તેના ઘરે રહેવા આવે છે. તેને ચીવટપૂર્વક ઘરનું કામ કરતો જોઈને વૈશાલીને તેના પ્રત્યે માન ઉપજે છે. તે સમજે છે કે બધા પુરુષો એકસરખા  હોતા નથી. આથી તે લગ્ન કરવા માટે રાજી થાય છે.

**'તેં હજી જવાબ ન આપ્યો?' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વિવેક પોતાની સ્ત્રીમિત્રની વાત કરતાં કહે છે કે તે વેદિકા વગર રહી શકશે નહીં. પત્ની અને પ્રેમિકા બન્ને સાથે રહેવાની વાહિયાત વાત કરનાર વિવેક તરફ પુષાને તિરસ્કાર થાય છે. પુષા વિવેકની વાતમાં સહકાર ન આપીને પ્રતિપ્રશ્ન કરે છે. પુષા વિવેકને પૂછે છે કે પોતાનો પણ પ્રેમી હોય તો વિવેક એનો સ્વીકાર કરશે? તે પરિસ્થિતિનો સ્વીકાર કરવા માટે સ્પષ્ટ મનાઈ કરે છે. તેનું આ વાક્ય વિવેક તરફનો તિરસ્કાર દર્શાવે છે.

"તેં હજી જવાબ ન આપ્યો, વિવેક. મારા પ્રેમીને સ્વીકારીશ ને!" (પૃ. ૧૪૬)

વિવેક પાસે આનો ઉત્તર નથી. પુષાના વિવેક તરફના તિરસ્કારનું નિરાકરણ નથી.

**'નામ: નયના રસિક મહેતા' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

રસિકથી કંટાળી ગયેલી નયના પોલિસને શરણે જાય છે. પોલીસ તેને ફરિયાદ ન કરવા માટે સમજાવે છે. ફરિયાદ લખાવ્યા પછી શું થશે તેની વ્યથા તેના શારીરિક વર્તનમાં પડઘો બનીને ઊભરાતી દેખાય છે. અહીં તેની સમસ્યાનો ઉકેલ બતાવ્યો નથી. પરંતુ, તે માટેનો પ્રયાસ કર્યો છે.

**'મારી નીની' (એંધાણી, ૧૯૮૯)**

ફોઈ જાણે છે કે નંદિતાની માતા સાધન-સંપન્ન છે. માતા પાસે તેનું ભવિષ્ય વધુ સુરક્ષિત છે. આથી તે નંદિતાને તેની માતા પાસે જવા તૈયાર કરે છે. ત્યાં જવાથી નંદિતા આ પરિવારનો હિસ્સો નહીં મટી જાય એમ સમજાવે છે. અહીં તેના સંઘર્ષનું સમાધાન થવાનો વિકલ્પ ખૂલે છે.

આ જૂથની નાયિકાઓ પોતાને અનુભવાતા તિરસ્કારને દૂર કરવા માટે પ્રયત્નશીલ બને છે. 'બટમોગરો'ની નાયિકા પતિને મારી ભગાડી દે છે. પુષ્પાબહેન પતિ તરફનો તિરસ્કાર ભુલાવી મોટું મન રાખે છે. તેની અંત્યેષ્ટી માટે પૈસા ખર્ચે છે. માતાએ આપેલા કુસંસ્કારોને લીધે પિતાને તિરસ્કૃત કરતી સલોની ખોટા માર્ગેથી પાછી વળી જાય છે. સમાજના પ્રતિનિધિઓ સામે એકલી ઊભી રહીને લડત આપવા તૈયાર પ્રમિલા હિંમત બતાવે છે. દરેક પુરુષ સરખો હોતો નથી એ વાત સમજતી વૈશાલી લગ્ન કરવા તૈયાર થાય છે. નયના અને નંદિતાના તિરસ્કાર નિવારણ માટેનો વિકલ્પ ખૂલે છે. પુષાના સંઘર્ષનું શમન થતું નથી.

**જૂથ-૫ : અફસોસ**

વ્યક્તિથી કોઈ કાર્ય થઈ ગયા પછી ખોટું થયાની અનુભૂતિ થાય ત્યારે તેને અફસોસ થાય છે. કોઈની ઉપર આંધળો વિશ્વાસ મૂક્યો હોય અને તેમાં દગો મળે ત્યારે અફસોસ થાય છે. કરેલી ભૂલ બદલ પશ્ચાતાપ થાય ત્યારે અફસોસનો અનુભવ થાય છે. અફસોસમાંથી નીકળવા માટે સ્ત્રીઓ સ્વપ્રયત્ન કરે છે. કેટલીક વાર અફસોસનું નિરાકરણ મળતું નથી.

આ જૂથમાં ૭ વાર્તાઓનો સમાવેશ છે. જેમાં સ્ત્રીપાત્રો અફસોસનું સંવેદન અનુભવે છે. ગેરમાર્ગે ચાલી નીકળેલ પુત્ર માટે સહન કરતી અને છેવટે કશું જ ન પામતી સ્ત્રીનો અફસોસ છે. તે એ પુત્રને છોડીને આગળ વધી જવાનો નિર્ણય કરે છે. વડીલો દ્વારા આપેલ સંસ્કારને કોરાણે મૂકીને અનીતિને રસ્તે ચાલી જનાર પતિ માટે અફસોસ અનુભવતી સ્ત્રી છે. એ અફસોસનું નિરાકરણ લાવવા તે ઘર અને સંસાર છોડી દેવાની મક્કમતા દર્શાવે છે. રોગગ્રસ્ત બહેનને પરાણે મળવા જનાર નાયિકાના પૂર્વગ્રહો ઓગળી જતાં અફસોસ થાય છે. પોતાની અધૂરી રહેલી ઇચ્છાઓ માટે અફસોસ કરતી સ્ત્રી છે. એકલી પડેલી વિધવા સ્ત્રીનું ઘરમાં સ્થાન અને નોંધારી હોવાનો ખ્યાલ તેને અફસોસ કરાવે છે.

**'વખ' (અનુરાધા, ૨૦૦૩)**

મૃણાલે જય માટે આપેલ બલિદાન નિષ્ફળ જાય છે. જય સુધરતો નથી આથી તેને અફસોસ થાય છે. તે સમજે છે કે પોતાના જય પ્રત્યેના સ્નેહને કારણે પરિવારના અન્ય સભ્યોને ખૂબ વેઠવું પડ્યું છે. જયના ત્રાસથી બચવા સપરિવાર અન્ય સ્થળે ચાલ્યા જવાનું નક્કી કરે છે. પોતાના સંઘર્ષનું શમન કરવા એ કટિબદ્ધ થાય છે.

**'વચન પૂરું કરું છું' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

રમા જાણે છે કે સસરાએ આપેલા સંસ્કાર અને સિધ્ધાંતોને વિનાયક પાળી શક્યો નથી. એથી ઉશ્કેરાયેલી રમા વિનાયકનું ઘર છોડી દે છે. પતિએ અપાવેલું મોંઘું મંગળસૂત્ર અને

નાકની હીરાની ચૂંક કાઢી મૂકી દે છે. સસરાનો ફોટો લઈને તેમને આપેલું વચન પૂરું કરવા ચાલી નીકળે છે.

"બાપુજી, ક્ષમા કરજો. તમારું તર્પણ કરી શકી નથી. તમે પાણી મુકાવ્યું હતું સત્યની, સૂર્યની ઉપાસના કરી મારું તર્પણ કરજે. આજે આપને આપેલું વચન પૂરું કરું છુ." (પૃ. ૫૪)

**'નવલખું મોતી' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

પૂર્વી આશ્રમમાં સમાજથી તિરસ્કૃત લોકોને જુએ છે. તે અનુભવે છે કે પરિવારજનોએ સ્વજનોને તરછોડી મૂક્યાં છે. તેમની વેદના જોઈને પૂર્વીનો હૃદયપલટો થાય છે. જેને સખત નફરત કરતી હતી તેવી બહેનને પોતાની સાથે ઘરે લઈ જવાનું નક્કી કરે છે. પૂર્વીના સંઘર્ષનું સમાધાન આવે છે. કેતકી સાથે વાત કરતાં એ કહે છે,

"મને ખબર છે તને રક્તપિત્ત છે; પણ એય જાણું છું કેતકી, એ જરૂર મટી પણ જવાનો છે. સ્વજનો અહીં બધાંને મૂકી જાય છે પણ હું તો તને મારી સાથે લઈ જઈશ." (પૃ. ૪૫)

**'શાંતિ' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

શાંતિનું શોષણ કરવામાં ઘરના દરેક સભ્યો સામેલ છે. આ વાત સમજી જતાં તે પોતાને માટે સમય કાઢી લે છે. ઘરની થોડી જવાબદારી જેઠાણીને સોંપીને નિરાંતે ટી. વી. જોવામાં પરોવાઈ જાય છે. સાથે જણાવી દે છે કે પોતે કાલે બહાર જવાની છે તો બાકીનું જેઠાણીએ સંભાળી લેવું. પોતાની સમસ્યાનું જાતે નિરાકરણ લાવે છે.

**'ગોકુળમાં ટહુક્યા મોર' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

મંજરી નવા ઘરમાં પોતાને માટે એક અલાયદી જગ્યા બનાવડાવે છે. ત્યાં પોતાના પિયરથી લાવેલ ગુજરાતી ભાષાનાં પુસ્તકોનું પુસ્તકાલય બનાવે છે. આ વર્ષે તે

વડોદરા ગરબા ગાવા જવાનું પણ નક્કી કરે છે. બાળકોને પોતાની રીતે એકલાં છોડી દેવા મન મક્કમ કરી લે છે.

"આમ પણ થોડા દિવસ એની ખોટ કોને સાલવાની છે? મધુકર ક્યારે ક્યાં જશે એની એને પણ ખબર નથી હોતી. આકાશ અને કાજલ નવરાત્રિના રાસગરબાના પાસ ખરીદી પાગલની જેમ અહીંથી તહીં ઘૂમતાં રહેશે. એને નવાઈ લાગી. તો એ કોને માટે ઘર પકડીને બંધાઈ રહેતી હતી?" (પૃ. ૧૩)

**'ઊડી ગયેલું પંખી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

પૂર્વ પતિ તરફના સંઘર્ષનું નિરાકરણ લાવવા રંજુ તેનાથી છૂટી પડે છે. હવે તેને એનો સાથ, પ્રેમ અને હૂંફ યાદ આવે છે. ફરી પરણેલી રંજુ હવે કશું જ કરી શકે એમ નથી. તેના વર્તમાન સંઘર્ષનું નિરાકરણ લેખિકાએ સૂચવ્યું નથી.

**'કોઈ વાર થાય કે...' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

લેખિકાએ શાલુની મનોસ્થિતિ માટે કોઈ નિરાકરણ સૂચવ્યું નથી. બંને પાત્રો પરિણીત છે અને પોતપોતાના જીવનમાં સુખી છે. વીતી ગયેલા સમયને યાદ કરવા સિવાય કશું કરી શકે એમ નથી.

લેખિકાએ જૂથનાં સ્ત્રી-પાત્રોનો અફસોસ શમાવવા માટે નિરાકરણો સૂચવ્યાં છે. આ માટે તેમને નિર્ણય લેતા બતાવી છે. મૃણાલ અન્ય સ્થળે ચાલ્યા જવાનું નક્કી કરે છે. સસરાના વચનનું પાલન કરવા રમા પતિની સાહ્યબીને છોડી દેવાનું કૌવત ધરાવે છે. શાંતિ અને મંજરી પોતે પસંદ કરેલ માર્ગ પર ચાલે છે. પૂર્વી કેતકીને સાથે કઈ જવા કટિબદ્ધ થાય છે. રંજુ અને શાલુએ ભૂતકાળમાં ભૂલો કરી છે. તેમના અફસોસ માટે નિરાકરણ નથી.

**જૂથ-૬ : ડર**

સ્ત્રી પોતાની સાથે કશું અજુગતું બનશે એવી સંભાવનાને કારણે ચિંતિત રહે છે. ભવિષ્યમાં શું થશે, શું નહીં એ વિચારો કરીને આશંકા રાખતી સ્ત્રી ડરે છે. કોઈ વસ્તુ, વ્યક્તિ કે ઘટનાને લીધે હંમેશા દ્વિધામાં રહે છે. ડરનું સંવેદન અનુભવતી સ્ત્રીઓએ પોતાનું મન મક્કમ કરીને એમાંથી નીકળવાનો પ્રયાસ કરવો પડે છે. કાલ્પનિક ડરને દૂર કરવા હિંમત કરીને તેનો સામનો કરવો પડે છે.

આ જૂથમાં ૬ વાર્તાઓને સમાવી છે. તેની નાયિકાઓ ડરનું સંવેદન અનુભવે છે. યુવાન થતી જતી માનસિક વિકલાંગ બાળકીની માતાનો ડર છે. દત્તક લીધેલ પુત્ર પોતાને છોડીને ચાલ્યો જશે એવી શંકાથી ડરતી સ્ત્રી છે. રુક્ષ્મણીબહેન અને હીરાકાકી પતિના ક્રોધિત સ્વભાવને કારણે ડરે છે. રસીલા પતિની યાદોને સમેટી દીકરીઓને લઈને ઘર છોડી ચાલી જાય છે. મયૂરી પતિના પશુ જેવા વ્યવહારને કારણે ડરે છે.

**‘તને સાચવે પારવતી’ (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

રક્ષાની દીકરી માનસિક રીતે પછાત છે. રક્ષાએ વર્ષો સુધી ચાંદનીની કાળજી લીધી છે. હવે યુવાનીમાં પ્રવેશતી ચાંદનીને લોકનજરથી બચાવીને રાખવી અશક્ય લાગે છે. તે નાછૂટકે ચાંદનીને સેવાભાવી સંસ્થામાં મૂકવા તૈયાર થાય છે. ચાંદનીના ભવિષ્ય માટે તે કાળજું કઠણ કરે છે અને સંઘર્ષનું નિવારણ લાવે છે. બન્ને વચ્ચેનો સંવાદ જુઓ:

“આપણાથી થાય તે બધું કરી છૂટ્યાં. તું કહેતો હતો ને વી વેર ધ ચોઝન વન! તો તું હવે હિંમત હારે તે કેમ ચાલે?”

“પણ આમ વિદાય...”

“નચિકેત! ત્યાં એ સુરક્ષિત છે એ સધિયારો ઓછો છે?” (પૃ. ૧૯)

આ વાર્તામાં રક્ષાનો ડર વધે છે. વાર્તાને અંતે ચાંદનીને સંસ્થામાં મૂકવાનું નક્કી થાય છે. પણ ત્યાં તેનું ગર્ભાશય કાઢી નાખવાની મંજૂરી આપતું ફોર્મ ભરાવે છે. આના પરથી સાબિત થાય છે કે ત્યાં પણ એ સુરક્ષિત તો નથી જ! સ્ત્રીનો દેહ ધરાવતી સ્ત્રીના સંઘર્ષનું ક્યારેય નિરાકરણ શક્ય જ નથી લાગતું.

**'બીલીપત્રનું ચોથું પાન' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

એક દિવસ રાહુલ પોતાની સચ્ચાઈ વિશે પૂછે છે. લીલા સાચી વાત જણાવી દે છે. આ વાત જાણતા જ રાહુલ તેને એકીટશે જોઈ રહે છે અને પછી ગળે વળગી પડે છે. મા-દીકરાનું આ મિલન હંમેશ માટેનું બની રહે છે. લીલાના સંઘર્ષનું સુખદ નિરાકરણ આવે છે.

**'ભલે પધાર્યાં' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

હીરાકાકીનો મોટો પુત્ર પ્રેમિકા બીજલને લઈને આવે છે. તે બીજલ સાથે લગ્નનો પ્રસ્તાવ મૂકે છે અને કાકા એ સ્વીકારી લે છે. આથી સંઘર્ષનું નિવારણ આવે છે. અહીં કાકીના આજીવન સંઘર્ષ માટે કોઈ નિવારણ દર્શાવ્યું નથી. એમ અનુભવાય છે કે બીજલની વાકપટુતાને કારણે ઘરનું વાતાવરણ હળવું થઈ જશે અને કાકીનો ડર થોડે અંશે ઓછો થશે.

**'ગાંઠે બાંધ્યું આકાશ' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

રુક્ષ્મણીબેનના પતિનું આકસ્મિક મૃત્યુ થાય છે. તેથી તેમના પતિ પ્રત્યેના ડરનું શમન થાય છે. વાર્તાને અંતે રુક્ષ્મણીબેનની એક પ્રવૃત્તિમય સફર શરૂ થાય છે. તેઓ પ્રેમમંદિર નામની સંસ્થામાં નિયમિત જવાનું નક્કી કરે છે. આ માટે તેમને દીકરા અને વહુની નારાજગી પણ વહોરવી પડે છે. આ સંસ્થામાં જવા માટે તેઓ ખૂબ જ ઉત્સાહી છે અને આ માટે તેઓ દીકરાને પોતાને ભાગે આવતા પૈસા પણ આપવા જણાવે છે. પોતે ઊડવા માટે એક આકાશ શોધી લે છે.

**'સપનાંનો વીંટો' (અનુરાધા, ૨૦૦૩)**

વાર્તાને અંતે રસીલાના પતિનો કોઈ પત્તો મળતો નથી. ગુંડાઓની ધાકધમકીને લીધે તે દીકરીઓ સાથે ઘર છોડીને અન્ય સ્થાને ચાલી જાય છે. પોતાનું ઘર છોડતાં તેને દુ:ખ થાય છે. પણ દીકરીઓ સલામત છે એ વાતનું આશ્વાસન પણ છે.

**'બળાત્કાર' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

મયૂરી પતિ સમીરનો જીદ્દી સ્વભાવ જાણે છે. સમીર કદાચ મમ્મીના ઘરે ધમાલ કરશે એ બીકે તે પોતાના ઘરે પાછી ચાલી જવા તૈયાર થાય છે. ત્યાં જઈને તેની હાલત શું થવાની છે તે જાણે જ છે. આ જ પતિ સાથે તેને આજીવન રહેવાનું છે. એક બાળકી સાથે તે પાછી ફરે એવી કોઈ શક્યતા નથી. તેના સંઘર્ષનું સમાધાન સૂચવ્યું નથી.

ડરનું સંવેદન અનુભવતી સ્ત્રીઓને તેમાંથી નીકળવા માટે લેખિકાએ વિવિધ રસ્તાઓ આપ્યા છે. રક્ષા નચિકેતને સમજાવી ચાંદનીને સંસ્થામાં મૂકવા તૈયારી કરે છે. રાહુલ લીલાને પોતાની જનેતા તરીકે સ્વીકારી લે છે. લીલાનો ડર સમાપ્ત થાય છે. રુક્ષ્મણીબહેન પણ નીડરતાથી પ્રવૃત્તિમય સફર આરંભે છે. રસીલા દીકરીઓના રક્ષણ અર્થે ઘર છોડી દે છે.

**જૂથ-૭ : ઇચ્છા**

સ્ત્રીએ ખૂબ મનથી કોઈ વસ્તુ કે વ્યક્તિને ચાહી હોય તે એની ઇચ્છા દર્શાવે છે. ઇચ્છા એ દૈહિક અને માનસિક જરૂરિયાતોમાંથી જન્મ લેતું સંવેદન છે. અતૃપ્ત ઝંખનાઓની અપૂર્તિ ઇચ્છાઓને જન્મ આપે છે. આ ઇચ્છાઓનાં નિરાકરણ સ્ત્રી જાત સાથે રહીને જ શોધે છે. આ સંવેદન અન્ય વ્યક્તિ તરફ આધારિત હોય તો તેનું નિવારણ લાવવું મુશ્કેલ બને છે.

આ જૂથમાં ૪ વાર્તાઓનો સમાવેશ છે. પતિ સાથેના વ્યવહારને કારણે નીપજતું ઇચ્છાનું સંવેદન પૂર્ણ થતું નથી. બાળક માટે ટળવળતી સ્ત્રીની ઇચ્છા પૂર્ણ થતી નથી. ભાઈ માટે ત્યાગ આપનાર સ્ત્રી મોટી ઉંમરે સાથી શોધે છે.

**‘અલગ વિશ્વ’ (એંધાણી, ૧૯૮૯)**

વીણાએ પોતાના સંઘર્ષને નિવારવા માટે એક અલગ કાલ્પનિક દુનિયા બનાવી લીધી. જેમાં તે એકલી જ રહેતી. વીણા ત્યાં જઈને આ વિશ્વથી ક્યાંક અલગ અને નિરાળો અનુભવ કરતી હતી. પતિના બેદરકાર વર્તન તરફ નાખુશ નાયિકા પોતાની કલ્પનામાં સ્વપ્નપુરુષ મેળવીને તેનું નિરાકરણ લાવે છે.

વીણાનો મોટો પુત્ર કાન્ત નીલાંબર જેવો છે. તે કાન્તને ચાહી શકતી નથી. લેખિકાએ વીણાના કાન્ત તરફના સંઘર્ષનું શમન કર્યું છે. પોતાની તરફ વીણાની બેદરકારી કાન્ત જાણતો હતો અને સમજતો હતો. આથી જ એ પિતાના ફોટા સામે બેસીને કહેતો હતો:

“તમે જાણો છો બાપુ! મા આજે ખૂબ ખુશ છે. ઘણા સમયથી એ એકલી અને વ્યથિત હતી.” (પૃ. ૧૨૦)

**‘તપ’ (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

લેખિકાએ વસંતના સંઘર્ષ માટે કોઈ નક્કર નિરાકરણ દર્શાવ્યું નથી. જોકે તેને એક વાતનો દિલાસો છે કે નાની પુત્રી તેની વાતને સમજી શકે એટલી પરિપક્વ છે. પોતાનું યૌવન એળે ગયું અને પતિ સાથેનું જીવન રસહીન બનીને વેડફાઈ ગયું તે તો હવે પાછું આવવાનું નથી. તો શા માટે તેને યાદ કરીને જીવ બાળવો? નાની પુત્રી કહે છે,

“શું કામ ન કહે? આઈ એમ વુમન નાઉ. તેં પણ કાંઈ ઓછું તપ કર્યું છે?” (પૃ. ૧૧૨)

આ એક જ વાક્યમાં તેની સમગ્ર જીવનની તપસ્યાનો સાર જોઈ શકાય છે. પતિ નહીં પણ યૌવનને ઉંબરે ઊભેલી દીકરી તેને સમજી શકે છે.

**'મુક્તિ' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

ચંદન મેરેજબ્યૂરોમાં નામ લખાવે છે. એક વયસ્ક વિધુર મધુકર સાથે મુલાકાત કરે છે અને તેને લગ્ન માટે પસંદ કરે છે. આ વાત તરુણને સમજાવી પોતાના સંઘર્ષનું સમાધાન કરવા તરફ આગળ વધે છે.

**'ઝૂલતો ખાલી હીંચકો' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

મૃદુલાને એકવાર ગર્ભપાત થયો છે. તેને માતા બનવું છે. તે ફરીવાર માતૃત્વ ધારણ કરી શકી નથી. લેખિકાએ મૃદુલાના સંઘર્ષ માટે કોઈ નિરાકરણ દર્શાવ્યું નથી.

ઇચ્છાનું સંવેદન અનુભવતી આ જૂથની સ્ત્રીઓ નિવારણ લાવવા જાતે પ્રતિબધ્ધ થાય છે. વીણા કલ્પિત સ્વપ્નપુરુષ સાથે ખુશ છે. ચાળીસીએ પહોંચેલી ચંદન પોતાની જરૂરિયાતોને પૂરી કરવા સાથી શોધે છે. વસંત અને મૃદુલાની ઇચ્છા પૂર્ણ થતી નથી.

**જૂથ-૮ : ક્રોધ**

જ્યારે પોતાની ઇચ્છા મુજબ ન થાય ત્યારે મનમાં ક્રોધ આવે છે. અન્ય વ્યક્તિનો પોતા તરફનો અજુગતો વ્યવહાર મનમાં ક્રોધ પેદા કરે છે. ક્રોધને દૂર કરવા વ્યક્તિએ જાતે મહેનત કરવી પડે છે. એ ક્રોધનું કારણ જો અન્ય કોઈ હોય તો તેનાથી દૂર થઈને પણ તેનું નિવારણ લાવી શકાય છે.

આ જૂથમાં ૪ વાર્તાઓ છે. આ વાર્તાનાં સ્ત્રી-પાત્રો અન્યોના વર્તનને કારણે ક્રોધિત થયાં છે. તે ક્રોધને શમાવવા લેખિકાએ અમુક ઘટનાઓ રજૂ કરી છે. માતા તરફનો ક્રોધ દૂર કરવા તેને જ મુખે વેદના કહેવાઈ છે. વૃદ્ધ સ્ત્રીનો પતિ તરફનો ક્રોધ દૂર કરવા માટેનો વિકલ્પ ખૂલે છે. પોતાના જેવો જ સ્વપ્નવાદી છોકરો મળશે એ વિચારે યુવતીના સંઘર્ષના શમન માટેનો વિકલ્પ આપ્યો છે.

**'લાલ ઘરચોળું' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

માતાના ઘરચોળામાંથી અમીને એક પત્ર મળે છે. તે લગ્ન પહેલાંના માતાના પ્રેમીનો હોય છે. અમી સમજી શકે છે કે મા પોતાની અંદર એક જખમ સાથે જીવી હતી. અમી એ પત્રને માતાની નનામી સાથે જ ભસ્મીભૂત કરી દે છે જેથી મોત બાદ પણ તેની ગરિમા જળવાઈ રહે! માતાના મૃત્યુની સાથે જ અમીના જીવનભરના સંઘર્ષનું નિરાકરણ આવી જાય છે.

"પછી અચાનક બધું સ્પષ્ટ થઈ ગયું. માનો ઉદાસ ભાવવિહીન ચહેરો નજર સામે આવી ગયો. કેટલાં વર્ષો સુધી મા દૂઝતા જખમ સાથે જીવી? એ સંજોગો સાથે સમાધાન ન કરી શકી. એને થયેલો અન્યાય અને એણે મને અને પપ્પાને કરેલો અન્યાય... ક્યાં સાચાં હતાં?" (પૃ. ૧૧૦)

"મેં કાગળના ટુકડા કરી મૂઠીમાં દબાવી દીધા. ઘરચોળું લઈને બહાર આવી, અને  માના મૃતદેહને ઓઢાડી દીધું... સાથે કાગળના ટુકડા મૂકી દીધા. જીવનભર જે વસ્તુ ગોપિત રાખી હતી, આજે તેની અંતિમયાત્રામાં એની સાથે જ ભલે ભસ્મીભૂત થઈ જાય." (પૃ. ૧૧૦)

**'બાવળનું ફૂલ' (અનુરાધા, ૨૦૦૩)**

સુષમા બાને એકમાત્ર જવાબદારી તરીકે જ જોતી હતી. એક વાર બાનાં કપડાંમાં લોહીના ડાઘ જોઈને તે માયાથી બાને પૂછે છે. તે જાણે છે કે બાએ બાપુજીએ વર્તાવેલો અમાનુષી ત્રાસ અને એકલા હાથે સંતાનોને મોટાં કરવાની વેદના વેઠી છે. બાના શરીરે ચાબુકનાં સોળ જોઈને તેને બા તરફ લાગણી થાય છે. જે પિતાની જાહોજલાલી તેને માટે ગર્વનો વિષય હતો તે હવે માતા માટેની લાગણીમાં બદલાઈ જાય છે. બા તરફનો ક્રોધ ઓગળી જતાં તે બાને હરદ્વાર લઈ જવાની વિચારણા કરે છે.

**'પ્રેમાંકુર' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

કોઈની સાથે ક્યારેય માયાના બંધનથી ન બંધાયેલા યશવંતરાય એક નાનકડી કૂતરીની લાગણીમાં ખેંચાઈ જાય છે. શાંતિબાના આગ્રહથી વર્ષો પછી પુત્રને શોધવા જવાનું નક્કી કરે છે. શાંતિબાનો સંઘર્ષ પૂર્ણ થવાનો વિકલ્પ ખૂલે છે.

**'રીતુ નામની એક છોકરી' (એંધાણી, ૧૯૮૯)**

લેખિકા રીતુના સંઘર્ષનું નિવારણ લાવે છે. રીતુ મોટાભાઈ પાસેથી જાણે છે કે રમેશ પણ તેના જેવા જ ગાંડા-ઘેલા વિચારો ધરાવે છે. તે એને મળવા તૈયાર થઈ જાય છે. પોતાની ઇચ્છા પ્રમાણેનો યુવક મળશે એ વિચારે તે ખુશ થાય છે.

આ જૂથની વાર્તાઓમાં સંઘર્ષનું નિવારણ છે. અમીને માતાનો એક જૂનો કાગળ મળે છે. તેની વિગતો વાંચ્યા પછી અમી માતાની પોતા તરફની ઉપેક્ષાને સમજી શકે છે અને તેનો ક્રોધ દૂર થાય છે. સુષ્મા પોતાની બાએ જે સહન કર્યું છે તેની વાત તેના જ મુખે સાંભળે છે. તેનો બા તરફ ગુસ્સો દૂર થઈને અહોભાવ જાગૃત થાય છે. યશવંતરાયનો અહંકારી સ્વભાવ દૂર કરવા તેમને એક અબોલ પ્રાણીના પ્રેમમાં પડતા બતાવ્યા છે. આ કારણે તેમનું હૃદય પરિવર્તન થાય છે અને એ હેમાંગને શોધવા જવાનું નક્કી કરે છે. આ ઘટના શાંતિબાનો તેમના તરફનો ક્રોધ ઓછો થવાનું નિમિત્ત બને છે.

**જૂથ-૯ : ઈર્ષ્યા**

જ્યારે સામેની વ્યક્તિ પાસે જે છે એ પોતાની પાસે ન હોય ત્યારે ઈર્ષ્યા અનુભવાય છે. ઈર્ષ્યાનું સંવેદન અનુભવતી વ્યક્તિ સામેની વ્યક્તિ સાથે મનોમન સરખામણી કર્યા કરે છે. ઈર્ષ્યાનું નિવારણ લાવવા વ્યક્તિએ પોતે જ મક્કમ બનવું પડે.

આ જૂથમાં ૧ વાર્તાને સ્થાન મળ્યું છે. ગરીબ અને રાંક સ્ત્રી સ્વભાવિકપણે જ અમીર સ્ત્રીની ઈર્ષ્યા કરે છે. જે માટે કોઈ નિવારણ સૂચવ્યું નથી.

**'બાજી' (અનુરાધા, ૨૦૦૩)**

રંજન અને સવી પોતપોતાની જિંદગીમાં એ જ રીતે આગળ વધતી રહે છે. બન્ને પોતાના સંઘર્ષને સ્વીકારી લે છે.

**પ્રકરણ સમાપન**

આ પ્રકરણમાં સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષનાં નિરાકરણોને ધ્યાનમાં લીધાં છે. સ્ત્રી-પાત્રોને અનુભવાતા સંવેદનને અનુલક્ષીને નિરાકરણોની તીવ્રતા મુજબ વર્ગીકરણ કર્યું છે. વર્ષા અડાલજાની વાર્તાઓનો અભ્યાસ કરતાં ફલિત થાય છે કે તેમની મોટાભાગની વાર્તાઓમાં સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષ માટેનાં નિરાકરણો છે. અભ્યાસમાં લીધેલ ૭૮ વાર્તાઓમાંથી ૫૧ વાર્તાઓમાં સમાધાનો છે. મોટાભાગની વાર્તાઓમાં સકારાત્મક શમન છે. નિરાકરણ ન હોય તેવી વાર્તાઓ ઓછી છે. અમુક સંઘર્ષોનું નિવારણ ઈશ્વરદત્ત છે. તે માટેનું બળ નૈસર્ગિક છે.

વાર્તાઓમાં સ્ત્રી-પાત્રોના સંઘર્ષને સબળ બનાવવા એકલતા, વૃદ્ધાવસ્થા, પુરુષોનું આધિપત્ય, નિષ્ફળતા, અસંતોષ જેવાં પરિબળોનું આલેખન છે. આ પરિબળો સ્ત્રી-પાત્રોની માનસિક સ્થિતિને કફોડી બનાવે છે. આ કારણે ભાવનાત્મક સંઘર્ષને ઉત્તેજન મળે છે. વાર્તાઓમાં આવતાં અન્ય પાત્રો, ઘટનાઓ કે પરિવેશ આ સંઘર્ષને ટોચે લઈ જાય છે. કેટલીક વાર્તાઓમાં આરંભથી અંત સુધી સંઘર્ષ છે. અમુક વાર્તાઓમાં એકાદ ઘટના, વાક્ય કે ચમત્કૃતિ થકી સ્ત્રીસંઘર્ષને વાચા મળી છે. સંઘર્ષનો અનુભવ થતાં સ્ત્રી-પાત્રો માનસિક મથામણ અનુભવે છે. આ મનોવેદના તેમને નિરાકરણ સુધી જવા માટે સહાયરૂપ બને છે. મોટાભાગનાં સ્ત્રી-પાત્રો સ્વપ્રયત્ન થકી નિવારણ લાવવાનો પ્રયત્ન કરે છે. કેટલીક સ્ત્રીઓ એ સંઘર્ષ સાથે સમાધાનકારી વલણ અપનાવે છે. સંઘર્ષોનો સ્વીકાર અને વિરોધ એ પણ શમન માટેનું કારણ બને છે.

વર્ષા અડાલજાની વાર્તાઓમાં સ્ત્રીનો સ્વ સાથેનો, પુરુષ સાથેનો, સમાજ સાથેનો અને સ્ત્રી સાથેનો સંઘર્ષ રજૂ થયો છે. જેના કારણે સ્ત્રીપાત્રો પીડા, ઉદાસી, ધૃણા, ક્રોધ, ડર,

અફસોસ, તિરસ્કાર, ઇચ્છા અને ઈર્ષ્યા જેવાં સંવેદનો અનુભવે છે. આ પ્રકરણમાં સ્ત્રીઓના ભાવનાત્મક સંઘર્ષ અને સંવેદનોનાં નિરાકરણો સૂચવ્યાં છે.

વર્ષા અડાલજાનાં સ્ત્રી-પાત્રો સંઘર્ષ સામે લડી લેવાનું જોમ ધરાવે છે. શ્વસુરગૃહે માનહાનિ થતાં પાછી ફરેલી સ્ત્રી પિયરને વિસામો માને છે. એ વૃક્ષ છાંયડો આપવાને બદલે તેની પર જ આંગળી ઊઠાવે ત્યારે તેને છોડી નવા જીવન તરફ પ્રયાણ કરે છે. અમુક સ્ત્રીઓ જૂની સ્મૃતિઓને ભૂલીને જીવનમાં આગળ વધી સ્વાવલંબી બને છે. પતિની હિંસાનો ભોગ બનેલ સ્ત્રી-પાત્રો પતિને છોડવાની તૈયારી કરે છે. સંઘર્ષોનું નિવારણ લાવવા માટે તેમનાં સ્ત્રી-પાત્રો ક્યારેક આક્રમક બને છે. કેટલીક વાર્તાઓમાં સ્ત્રી-પાત્રોને પોતાની ઓળખ બદલવી કે જાળવી રાખવી તેનો નિર્ણય કરવાની સ્થિતિમાં મૂક્યાં છે.

ઘણી વાર્તાઓમાં વિકલાંગ બાળકોની માતાઓનો સંઘર્ષ છે. જેનો પડકાર તરીકે સ્વીકારીને સામનો કરે છે. માનસિક પછાત બાળકોની શુશ્રુષાને કારણે પતિના સંસારમાંથી હડસેલાઈ જતી સ્ત્રીઓ તેમને સ્વેચ્છાએ મુક્ત કરી દે છે.

અમુક વાર્તાઓમાં સ્ત્રીના સંઘર્ષને દૂર કરવામાં અન્ય પાત્રો સહાયરૂપ બને છે. વૃદ્ધ સ્ત્રીઓની એકલતાને પુત્રીઓ કે વહુ સહારો આપે છે. પતિના સ્નેહનો વારસો એવું ઘર છોડવાની વાતથી ચિંતિત સ્ત્રી મૂંઝાય છે. દીકરીઓ તેમની સાથે રહેવા આવશે એવો વિકલ્પ સૂચવે છે. બાળક ન હોવાની વેદનાને સમજતા પતિ અનાથ બાળકને અપનાવવાનો માર્ગ સૂચવે છે. દિવ્યાંગ બાળકીને ઉછેરવામાં પતિનો શારીરિક અને માનસિક સાથ મળતાં સ્ત્રીઓની વેદના ઓછી થાય છે.

કેટલાંક સ્ત્રી-પાત્રો વિરોધ અને પડકારોની શરણાગતિ સ્વીકારી લેતાં નથી. દૃઢ અને સ્વતંત્ર નિર્ણયશક્તિ તેમનું જમા પાસું છે. જ્યાં સુધી તેમની સાથે અન્યાય ન થાય ત્યાં સુધી સરળ અને સાલસ લાગતી સ્ત્રીઓ જરૂર પડે સંઘર્ષનો સામનો કરવા હથિયાર ઊઠાવે છે.

સંઘર્ષનું નિવારણ જાતે લાવતી સ્ત્રીઓ તીવ્રતાથી નિર્ણયો લે છે. પુત્ર અને પતિ માટે કઠોર બની જતી સ્ત્રીઓ તેમને પોતાના જીવનમાંથી બહાર જવાનો રસ્તો દેખાડી દેતાં પણ અચકાતી નથી. માતા તરફની આજીવન નફરતને ક્ષણભરમાં ભુલાવી દેનારી સ્ત્રી બાળકને ગળે વળગાળી સંઘર્ષનું શમન લાવે છે. અન્યનાં બાળકને છાતી સરસું ચાંપી દેનાર સ્ત્રીપાત્રો હકારાત્મક વલણ અપનાવે છે.

સ્ત્રી-પાત્રો પતિએ આપેલ દગાને પચાવી જીવનમાં આગળ વધી જાય છે. સખત મહેનત અને પરિશ્રમથી જીવનમાં આગળ વધે છે. ઘરનાં કામોમાં સ્ત્રીનું શોષણ થતાં તેની સામે અવાજ ઉઠાવવાની હિંમત કરે છે. મક્કમ મનની સ્ત્રીઓ કુછંદે ચડેલ વહાલા દીકરાને જીવનમાંથી બહાર મોકલી દેતાં અચકાતી નથી. માતાની વાસનાનો ભોગ બનેલ સ્ત્રી આવાં બાળકોનું સામાજિક સ્થાન જાણે છે. આથી પોતાના અનૌરસ સંતાનને છાતીએ વળગાડે છે. સ્ત્રીની કમાણી પર પતિ જેટલો જ હક પિતાનો હોય છે. આ સમજ કેળવાતાં સ્ત્રી પિયરમાં મદદ કરવાનું નક્કી કરે છે. અપ્રામાણિક પતિને એકઝાટકે છોડી દેતી સ્ત્રી સ્વમેળે નિવારણ લાવે છે.

વિધવા સ્ત્રીઓ સમાજમાં મુક્તપણે જીવી શકે એ માટે પુનર્લગ્નથી જોડાય છે. તે જાણે છે કે પતિના મૃત્યુ સાથે જીવનનો અંત આવતો નથી, માટે જીવવાનું ચાલકબળ શોધે છે. પતિએ કરેલ વિશ્વાસઘાત સ્ત્રીઓના આત્મબળને તોડવાને બદલે વધુ બુલંદ બનાવે છે. સામાજિક હોદ્દો અને ઉચ્ચ પદ ધરાવતા પુરુષોના સંસારમાં તેમની પત્નીઓનો સિંહફાળો હોય છે. છતાંય તેમની નજરમાં પત્નીઓની કિંમત કોડીની પણ હોતી નથી. આ હકીકત સમજીને સ્ત્રી નવો માર્ગ શોધી લે છે.

કેટલાંક સ્ત્રી-પાત્રોનો ભાવનાત્મક સંઘર્ષ ખૂબ તીવ્ર બને છે. આ ગૂંગળામણ તેમના ભાવવિશ્વને હલબલાવી મૂકે છે. તેનાં અકલ્પિત નિરાકારણો આવે છે. માતાની મરજી વિરુદ્ધ આંતરજ્ઞાતીય લગ્ન કરવાં જઈ રહેલી દીકરીનું અપમૃત્યુ થતાં માતાનો સંઘર્ષ વધુ વિકસે

છે. અમુક સ્ત્રીપાત્રો વર્ષો સુધી મૂંગે મોઢે શારીરિક અને માનસિક ત્રાસ સહન કરે છે. આખરે તેમનો ભાવનાત્મક આવેગ એટલો તીવ્ર બને છે કે તેઓ હિંસક બની જાય છે. જેથી તે પતિનું ખૂન કરવા જેવું અમાનવીય કૃત્ય કરી બેસે છે.

કેટલીક વાર્તાઓમાં સ્ત્રીઓના સંઘર્ષ માટે નિવારણ સૂચવ્યાં નથી. અમુક પાત્રો આ માટે પ્રયત્ન જ કરતાં નથી. વિરોધનો સામનો કરવાની હિંમત ન કેળવી શકાતાં તેઓ તેનો સ્વીકાર કરે છે. આથી તેમના સંઘર્ષનું શમન નથી થતું. પ્રેમી સાથે પરણી ન શકતી સ્ત્રી અન્ય પાત્ર સાથે જોડાઈ ગઈ છે. તેના અફસોસ માટે નિરાકરણ નથી. ધર્મને માર્ગે વળી ગયેલ પતિ સંસારમાં પરત ફરે એવાં કોઈ એંધાણ નથી. એવાં સ્ત્રી-પાત્રોની ઇચ્છાઓનું નિવારણ નથી. શ્રીમંત સ્ત્રીને ઈર્ષ્યાની દૃષ્ટિએ જોતી ગરીબ સ્ત્રી તેના સ્થાને પહોંચી શકતી નથી. તેના સંઘર્ષનું નિવારણ નથી.

આર્થિક સ્વતંત્ર અને સુશિક્ષિત સ્ત્રીપાત્રો વિચારે છે કે દરેક યુવતી ભણે અને પગભર થાય. એ માટે સમાજમાં સમૂળગો ફેરફાર લાવવો પડે. જે શક્ય ન હોવાથી તેમના સંઘર્ષનું શમન થતું નથી. દલિત સમાજની યુવતી સવર્ણોની બળજબરીનો ભોગ બને છે. તેની સામે અવાજ ઉઠાવવાની હિંમત ન હોવાને લીધે એ પીડાને ચૂપચાપ સહન કરે છે.

પોતાની સાથે બેવફાઈ કરીને મૃત્યુ પામેલ પતિ તરફ સ્ત્રી-પાત્રને ઘૃણા થાય છે. તેનું નિવારણ શક્ય બનતું નથી. નાની બાળકીના ભાવિનો વિચાર કરીને સ્ત્રી પતિનો પાશવી બળાત્કાર સહન કરે છે. માનસિક પછાત બાળકોની માતાઓના સંઘર્ષ માટે શમન નથી. રોગી સ્ત્રીને કુટુંબીઓ ઘર બહાર કાઢી મૂકે છે. તે ઈશ્વરને ફરિયાદ કર્યા સિવાય કશું કરી શકતી નથી. સ્ત્રી ભ્રૂણ હત્યાનો સામાજિક પ્રશ્ન નિરાકરણ વિના એમ જ રહી જાય છે.

સ્ત્રીઓના અમુક પ્રશ્નો માટે વિકલ્પ ખૂલતાં જોવા મળે છે. ગૃહત્યાગ કરીને ચાલ્યા જનાર પુત્રને શોધવા જવા પતિને સમજાવી શકતી સ્ત્રી ખુશ થાય છે. મહત્ત્વાકાંક્ષી

કિશોરીને લગ્નને બદલે વધુ અભ્યાસ કરવો છે. એનાં સ્વપ્નો પૂર્ણ કરી શકે એવો યુવક મળવાથી તે રાજી થાય છે. ગૃહસ્થ જીવનના કંકાસથી થાકેલી નયના પોલીસ ફરિયાદ કરીને સંઘર્ષ નિવારણ માટે પગલાં લે છે. માતાને તિરસ્કારતી યુવતી ફોઈની સમજાવટથી માતા પાસે જવા તૈયાર થાય છે.

વર્ષા અડાલજાની મોટાભાગની વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષોનાં શમનો જોઈ શકાય છે. સંઘર્ષનું સ્વરૂપ કોઈ પણ હોય, લેખિકાએ શમન માટે પ્રયત્નો કર્યા છે. આ બાબત તેમનો જીવન તરફનો સકારાત્મક દૃષ્ટિકોણ સૂચવે છે.